" રિશ્તોકા ગેરેજ "
સહજાનંદ મોટર વર્કશોપ
" એક કદમ રિશ્તે કી ઓર "
કલરકામ, બોડીકામ, સર્વીસ, મિકેનીકલકામ, એલાયમેન્ટ બેલેસીંગ તથા ફોર વ્હિલને લગતુ તમામ કામ
સરનામુ :- લાઠી રોડ, રિલાયન્સ પેટ્રોલપંપ સામે, અમરેલી
મો.૯૩૭૭૨ ૨૮૮૯૩

અમરેલી,રાજકોટ, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2018-20
સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

# અવધ ટાઇમ્સ

પાના ૧૨ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૪-૮-૧૮ શનિવાર
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,
તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ, અમરપુર (વરૂડી), અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૭૪ અષાઢ ૭ વર્ષ : ૨૩ અંક ૩૦૫



## જીલ્લાભરમાં ફોજદારોની બદલી સાથે ધરખમ ફેરફાર થયા

# અમરેલી જીલ્લામાં દસ ફોજદારોની અરસપરસ બદલી

### અમરેલીના એસપીશ્રી નિર્લિપ્ત રાયે ફોજદારોની બદલીના હુકમો કર્યા

### અમરેલી એલસીબીશ્રી સરવૈયાને બાબરા પોલીસ સ્ટેશનનો હવાલો

### જીલ્લા ટ્રાફીક શાખાના શ્રી વી.વી. પંડયાને દામનગર પોલીસ સ્ટેશન

### બાબરાના શ્રી ડી.કે. વાઘેલાને લોકલ ક્રાઇમ બ્રાંચમાં મુકાયા

અમરેલી, અમરેલીના એસપી શ્રીનિર્લિપ્ત રાયે જીલ્લામાં ફરજ બજાવતા પીએસઆઈઓની બદલીનો લીથો કાઢયો છે.

બદલીના થયેલ હુકમ મુજબ નાગેશ્રીના પીએસઆઇ એ.વી.પટેલને જીલ્લામાં ટ્રાફિક શાખામાં અમરેલી અને બાબરાના ડી.કે.વાઘેલાને એલસીબી અમરેલી તથા એલસીબી અમરેલીના એ.વી.સરવૈયાને બાબરા. તથા સાવરકુંડલા ટાઉનના જે.કે.મુળીયાને નાગેશ્રી જીલ્લા ટ્રાફિક શાખાના વી.વી.પંડયાને દામનગર તથા દામનગરના જી.જે.મોરીને સેકન્ડ પીએસઆઇ ધારી અને અમરેલી પોલીસ હેડ કવાર્ટર માંથી પીએસઆઇ પી.એન.મોરીને સાવરકુંડલા રૂરલમાં સેકન્ડ પીએસઆઇ તથા અમરેલી ડિવિઝન રીડર તથા એડીશનલ સીટી પીએસઆઇ જે.એલ.ઝાલાને અમરેલી સીટીમાં તથા લીવ રીર્ઝવના પી.બી.ચાવડાને સાવરકુંડલા ટાઉન તથા લીવ રીર્ઝવના કે.ટી.બગડાને અમરેલી ડિવિઝન રીડરમાં પીએસઆઇ તરીકે મુકયા છે તેમ જાણવા મળ્યું છે.

## લાઠીબાબરામાં આજે સંકલન ફરિયાદ સમિતિની બેઠક

### ધારાસભ્યશ્રી ઠુંમર લાઠી, બાબરામાં મળી શકશે પ્રશ્નો રજુ કરવા અનુરોધ

અમરેલી,
સંકલન ફરિયાદ સમિતિની બેઠક આજે તા.૪-૮-૧૮ શનિવારે ૧૧:૦૦ કલાકે પ્રાંત ઓફિસ લાઠી ખાતે મળશે. બાબરા બી.આ.સી.ભવન તાલુકા પંચાયત નજીક ધારાસભ્યશ્રી વિરજીભાઇ ઠુંમર હાજર રહેશે. સરકારી વિભાગના કોઇ પ્રશ્ન હોય તેમણે લેખીતમાં રાખીને મળી શકેશ. શ્રીઠુંમરે અધિકારીઓને પણ હાજર રહેવા જણાવ્યું છે. બાબરામાં બપોરે ૩:૦૦ કલાકે બેઠક મળશે. મહિનામાં દર પ્રથમ શનિવારે આ બેઠક યોજાનાર હોવાનું વિરજીભાઇ ઠુંમરે જણાવ્યુન હતુ.

## રાજુલા પાલીકાના ચીફઓફિસરને નગર નિયામકનું તેડુ

### ચીફ ઓફિસર નિવૃત થતા હોય તેને મળતા નિવૃતિના લાભો હાલ નહી ચુકવવા નગર નિયામકને સભ્યોની રજુઆત

રાજુલા,
રાજુલા નગર પાલીકાના ચીફ ઓફિસર આર.કે.પરીખને આજે ભાવનગર નગર નિયામક દ્વારા તકીદનું તેડુ આવતા ચીફ ઓફિસર શ્રીપરીખ ભાવનગરથી એકાએક રાજુલા પરત આવવાના બદલે બહારગામ સીધા ચાલ્યા ગયા હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ પાલીકાના સદસ્યો દ્વારા નગર નિયામકને પત્ર પાઠવી જણાવેલ કે ચીફ ઓફિસર તા.૩૧-૮ના રોજ નિવૃત થતા હોય તેની સામે ૪૦ કરોડ જેટલા ભુગર્ભ, શૌચાલયો, રસ્તાઓ સહિતમાં થયેલા ભ્રષ્ટાચાર રેકડ ઉપર સાબીત હોય અને પોલીસ ફરિયાદની અરજી પણ આપેલ છે. એ.સી.બી. તથા શહેરી વિકાસ મંત્રીને પણ રજુઆત કરી છે.

છેલ્લે તકેદારીપંચને રજુઆત કરતા તેની પણ તપાસ શરૂ છે. તેથી શ્રીપરીખ નિવૃત થઇ જાય અને તેના લાભો મળે તે હેતુથી નિયામકશ્રીમાં દોડધામ કરે છે. જયારે નિવૃતિ પહેલા મળતા લાભો જેવાકે પી.એફ. જી.પી.એફ. ગ્રેચ્યુઇટી સહિતની રકમો ના આપવા પાલીકાના સભ્યોએ નગર નિયામકને જાણ કરી છે. તેમ કિશોરભાઇ ધાખડા, વિનુભાઇ શ્રીરામ તથા છત્રાજીતભાઇ ધાખડાએ જણાવ્યું છે.

### અવધ ટાઇમ્સ

#### ક્ષમા યાચના

હાલમાં અવધ ટાઇમ્સની હેડ ઓફીસમાં રીનોવેશનનું કામ ચાલી રહયું છે મુખ્ય કચેરીના રીનોવેશનમાં રોજ અખબાર પ્રસિધ્ધ કરવું તે અનેક પ્રકારની સમસ્યા લઈ આવતુ હોય છે આ સંજોગોમાં અવધ ટાઇમ્સમાં સમાચાર આપવા તથા વિજ્ઞાપન આપવામાં લોકોને તકલીફ પડી રહી છે સાથે સાથે નકલો વહેલી મોડી મળવાને કારણે એજન્ટમિત્રોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે રીનોવેશન બાદ પુર્વવત સ્થિતિ સ્થપાશે જેની નોંધ લેવા વિનંતી છે.

-વ્યવસ્થાપક

## અમરેલીમાં દંપતી વચ્ચે તકરાર થતા પતિએ ગળાફાંસો ખાધો

### પત્નીના ચરીત્ર પર શંકા કરી વારંવાર જગડો થતો હતો

અમરેલી,
અમરેલીમાં પતી અને પત્ની વચ્ચે જગડો થતા પતીએ અંતીમ વાટ પકડી હતી અને ગળાફાંસો ખાઇ મોત મીઠુ કર્યુ હતુ.

આ બનાવની વધુ વિગતો અનુસાર અમરેલીનાં જેસીંગરામાં રહેતા હિરેન ભગવાનદાસ ગોંડલીયા (ઉ.વ.૩૬)એ ૫ વર્ષ પહેલા પ્રેમ લગ્ન કર્યા હતા અને સમય વિતતા પોતાની પત્ની મજુરીએ જતી હતી તે દરમીયાન તેના ચરીત્ર પર શંકા કરતા હતા જે બાબતે બંને વચ્ચે રોજ ઝગડો થતા હિરેને પોતાની મેળે ગળાફાંસો ખાઇ મોત મીઠુ કર્યુ હતુ.

## લોર, ફાચરીયા, પીછડી જેવા ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદના હળવાભારે ઝાપટા

લોર,
જાફરાબાદ તાલુકાના લોર, ફાચરીયા, પીછડી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં આજે દિવસ દરમિયાન હળવાભારે વરસાદના ઝાપટા શરૂ રહ્યા હતા. જેના કારણે વરસાદથી ખેતીપાકને ફાયદો થશે.

## રાજુલામાં રાત્રે અડધો ઇંચ વરસાદ

### વાતાવરણમાં ઠંડક

રાજુલા,
રાજુલામાં આજે દિવસ ભર ઉકળાટના અંતે મોડી સાજે અડધા ઈંચ પરાતનો વરસાદ પડયો હતો અને વાતાવરણમાં ઠંડક પસરી ગઈ હતી



શ્રધ્ધાંજલી

સ્વ.લાડુબાઇમાં ધાખડા
(ઉ.વ.૧૧૦) સ્વ.તા.30-૭-૨૦૧૮

સત્કાર્યો આપની શોભા હતી, સજજનતા આપની સુવાસ હતી, પ્રસન્નતા આપનુ જીવન હતુ, પરોપકાર આપનું રટણ હતુ, પ્રભુ આપના આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના.

સદગતનું કારજ :- તા.૯-૮-૧૮ ને ગુરૂવાર ના રોજ વડ મુકામે રાખેલ છે.

લી.હકુભાઇ બી. વાળા (નિવૃત પી.એસ.આઇ)
રાજેશભાઇ એચ. વાળા – ગૌતમભાઇ એચ. વાળા
મુ.વડ તા.રાજુલા જી.અમરેલી

વોટર પ્રુફીંગ (લેખીત વોરંટી સાથે)
(ફક્ત ઇમ્પોંર્ટેડ વોટર પ્રુફીંગ મટીરીયલ વડે)
ધાબાઃ–ચાઇના મોઝેક વાળા, ટાઇલ્સ વાળા, કોંક્રીટવાળા
પતરાઃ–કોઇપણ જાતના પતરાનું લીકેજ, સંક સ્લેબ, પાણીની ટાંકી, બેઝમેન્ટ, ટેરેસ ગાર્ડન વગેરેનું વોટર પ્રુફીંગ કરી આપીશું.
નવા બંગલાઓમાં પહેલેથી વોટર પ્રુફીંગ કરાવવા અચુક સંપર્ક કરો.
ડીઝાઇન એન્જીનીયરીંગ અને વોટર પ્રુફીંગ કન્સલટન્સી
(સુરેન્દ્રનગરવાળા – અમારી બીજી કોઇ શાખા નથી)
કોન્ટેક નંબર :- ૭૫૬૭૧ ૯૧૯૧૯, ૯૮૯૮૩ ૨૫૭૮૭



પાણીની શુધ્ધતા એ - વન




૨૨૫ લીટરથી ૫૦૦૦ લીટર સુધીની વોટર ટેન્ક હાજર ઉપલબ્ધ
પ્લોટ નં.૯૧ ઉધોગ નગર, અમરેલી, ફોન (૦૨૭૯૨) ૨૪૦૨૨૦, ૨૪૦૨૨૩




ધાધર !!!
થી પરેશાન છો ?
તો માત્ર ૩ દિવસમાં રાહત મેળવો
સ્પર્શ સ્કિન કિલનિક
પહેલો માળ, કહાન કુંજ, લક્ષ્મીનારાયણ મંદિર પાસે, સ્ટેશન રોડ, અમરેલી
સમય : સવારે ૯ થી , સાંજે ૫ થી ૮

કુમારિકાના સ્વપ્નો અને પરિણીતાના સૌભાગ્યને સજાવતા શુકનવંતા અને કલાત્મક અલંકારો માટે
૨૨ કેરેટના દાગીનાના ભાવ તથા મજુરી જાણવા માટે મીસ કોલ કરો
મો.૦૮૦૩૦૬૩૬૧૩૬
(નંબર નોંધી લેવા વિનંતિ.)
પરીખ જીવણલાલ ભાણજી (જવેલર્સ)
હરી રોડ, અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૨૨૫૩૬
મો.૯૪૨૭૫ ૦૭૮૭૧, whatsapp 96380 07871



તૃતીય વાર્ષિક પૂણ્યતિથીએ

શ્રધ્ધાંજલી



સ્વ.હાથીભાઇ ઓઢાભાઇ વાળા (ઉ.વ.૬૬)
સ્વ.તા.૪-૮-૨૦૧૫, મંગળવાર (મુ.ટીંબલા)

મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે.
મૃત્યુ પામે છે માનવી પણ તેના સત્કર્મો જીવે છે.'
આપના આશીર્વાદ અને પ્રેરણા સદાય અમારા ઉપર રહે..
પરમ કૃપાળુ સુરજનારાયણ પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે...

લી
અશોકભાઇ હાથીભાઇ વાળા
મેરામભાઇ હાથીભાઇ વાળા
મંગળુભાઇ હાથીભાઇ વાળા
સુરેશભાઇ હાથીભાઇ વાળા
તથા વાળા પરિવારના જય દાન મહારાજ

HYUNDAI




ઓરેન્જ હુન્ડાઇ
Mo. 90991 77317, 97370 43748

Sheetal
હવે ઇચ્છો ત્યારે... નાની નાની ભુખને ભગાવો
ચટાકેદાર ટેસ્ટમાં શિતલની ફ્રોઝન વેરાયટીઓ
લાવો અને ઇન્સ્ટન્ટ આરોગો મહેમાનો પણ બોલી ઉઠશે... વાહ શુ ટેસ્ટ
એની ટાઇમ ફ્રેશ



ચટાકેદાર મસ્ત-મસ્ત ભેળ ટેસ્ટ કરી જુઓ ચાહક બની જશો
માત્ર સ્ટીમ દ્વરા સ્પે. બનાવેલ સંપૂર્ણ ટેસ્ટમાં બટેટા પૌવા



સામે દશાર્વેલ પાર્લર પર ઉપલબ્ધ
સેન્ટર પોઇન્ટ ફોરવર્ડ સર્કલ પાસે, અમરેલી
કષ્ટભંજન પાર્લર લાઠી રોડ ફાટકપાસે
હનુમંત પાર્લર, ચક્કરગઢ રોડ, અમરેલી
શીતલ આઇસ્ક્રીમ પાર્લર
એસ.ટી. ડેપો સામે, અમરેલી

### આતંકવાદી બનેલા એન્જિનિયરિંગના વિદ્યાર્થી પણ માર્યો ગયો

# કાશ્મીરના સોપોરમાં સેના-આતંકીઓ વચ્ચે અથડામણ : બે આતંકી ઠાર

## જમ્મુ-કાશ્મીરના સોપોર જિલ્લામાં સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચેની અથડામણમાં આજે સવારે બે આતંકીઓને ઠાર મારવામાં આવ્યા

જમ્મુ,તા

જમ્મુ-કાશ્મીરના સોપોર જિલ્લામાં સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચેની અથડામણમાં આજે સવારે બે આતંકીઓને ઠાર મારવામાં આવ્યા છે. સોપોર જિલ્લાના દુરસુ ગામમાં બે આતંકીઓ છુપાયા હોવાના ઈન્ટેલિજન્સ ઈનપુટ મળ્યા બાદ સુરક્ષાદળોએ ઓપરેશન હાથ ધર્યું હતું અને તેના પગલે થયેલી અથડામણમાં સુરક્ષાદળોએ બે આતંકીઓને ઠાર માર્યા હતા.

આ અથડામણમાં એક આતંકી ખુરશીદ અહેમદ બટ પણ માર્યો ગયો હોવાના સમાચાર છે. ખુરશીદ વ્યવસાયે એન્જિનિયર છે અને ગઈ કાલથી તે ગાયબ થયો હતો. હાલ સર્ચ ઓપરેશન જારી છે. આજે વહેલા પરોઢિયે સુરક્ષાદળોએ ઓપરેશન હાથ ધરીને આતંકીઓને ઘેરી લીધા હતા અને ત્યારબાદ થયેલા એક્રાઉન્ટરમાં બે આતંકીઓને ઢાળી દીધા હતા.

સોપોરમાં જે સ્થળે આજે એક્રાઉન્ટર થયું હતું તે સ્થળ પાટનગર શ્રીનગરથી ૫૦ કિ.મી.ના અંતરે આવેલું છે.

હાલ સુરક્ષાદળોએ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો છે અને કોઈને બહાર જવા દેવાની મંજૂરી નથી.જમ્મુ-કાશ્મીર પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર સુરક્ષાદળોને આ વિસ્તારમાં આતંકીઓની હાજરી અંગે ઈન્ટેલિજન્સ રિપોર્ટ મળ્યા હતા અને ત્યારબાદ સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને ઓપરેશન હાથ ધરવામાં આવતાં છુપાયેલા આતંકીઓએ એકાએક ફાયરિંગ શરૂ કરી દેતાં અથડામણ શરૂ થઈ ગઈ હતી અને આ અથડામણમાં બે આતંકીઓને ઠાર મારવામાં સુરક્ષાદળોને સફળતા મળી હતી.

પુલવામા જિલ્લાના ખુર્શીદ અહેમદનો પણ સમાવેશ થાય છે.આ વિદ્યાર્થી આતંકવાદી બનવા માટે ગાયબ થઈ ગયો હોવાનુ બહાર આવ્યા બાદ તેની માતા-બહેન અને અન્ય પરિવારજનોએ તેને ઘરે પાછા ફરવા અપીલ પણ કરી હતી.જોકે આ અપીલના ૪૮ કલાકમાં જ તેને ઠાર મરાયાની ખબર આવી છે.

# મોબાઇલમાં જાતે જ સેવ થઇ રહ્યો છે આધારનો આ નબંર, UIDA એ હાથ ઉંચા કર્યા

## આધાર નંબરની સુરક્ષાને લઇને ચાલી રહેલી ચર્ચા વચ્ચે આધાર ઓથોરિટીની સામે વધુ એક મામલો સામે આવ્યો

ન્યુ દિલ્હી,

આધાર નંબરની સુરક્ષાને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે આધાર ઓથોરિટીની સામે વધુ એક મામલો સામે આવ્યો છે. જોકે કેટલાક લોકોના મોબાઈલમાં તેમના યુઆઈડીએઆઈના નામથી નંબર સેવ થઈ રહ્યો છે.

ટ્વિટર પર કેટલાક લોકો આ ફરિયાદ કરી છે. લોકોનું કહેવું છે કે તેમના મોબાઈલમાં કોન્ટેકટ લિસ્ટમાં યુઆઈડીએઆઈના નામથી એક ટોલ ફ્રી નંબર દેખાઈ રહ્યો છે. તેમનો દાવો છે કે તે લોકોએ આ નંબર સેવ કર્યો જ ન હતો.આધાર ઓથોરિટી યૂઆઈડીએઆઈને તેને લઈને અત્યાર સુધી કોઈ નિવેદન આપ્યું નથી. પરંતુ ટ્વીટર પર લોકોએ તેમની કોમેન્ટ કરવાની શરૂ કરી દીધી છે. લોકોનું કહેવું છે કે તેમના મોબાઈલમાં યૂઆઈડીએઆઈના નામથી ૧૮૦૦-૩૦૦-૧૯૪૭ નંબર દેખાઈ રહ્યો છે.સામાન્ય લોકોના મોબાઈલમાં આ નંબર ક્યાંથી આવ્યો છે? જોકે UIDAI એ ટ્વિટર પર જણાવ્યું છે કે યૂઝર્સના ફોનમાં જે નંબર સેવ થયો છે. તે ૧૮૦૦-૩૦૦-૧૯૪૭ નંબર જૂનો છે અને તે ઈનવેલિડ પણ છે. UIDAIએ કહ્યું છે કે જે લોકોની વચ્ચે અસમંજસ પેદા કરવા માટે કરવામાં આવેલું કામ છે. જણાવી દઈએ કે આ નંબર એન્ડ્રોયડ યૂજર્સના ફોનમાં સેવ મળ્યો છે.એવામાં કેટલાક સવાલ થઈ રહ્યા છે કે જે લોકોના મોબાઈલમાં આ નંબર આવ્યો છે તે કેવી રીતે અને કાય કારણથી આવ્યો છે? કારણકે આ ટોલ ફ્રી નંબર ડાયલ કરવા પર કોઈ કોલ લાગી રહ્યો નથી.ફ્રેંસ સિક્યોરિટી એક્ષપર્ટ એલિયટ એલ્ડરસને યબઆઈડીએઆઈથી ટ્વિટર પર પૂછ્યુ કે કેટલાક લોકો જે અલગ-અલગ ટેલીકોમ ઓપરેટરનું સિમ ઉપયોગ કરે છે. જેમા કેટલાક લોકો પાસે આધાર છે અને કેટલાક પાસે નથી. તેમના મોબાઈલમાં યૂઆઈડીએઆઈના નામથી એક નંબંર સેવ બતાવી રહ્યા છે. કેવી રીતે?

# પતિને બંધક બનાવીને પ્રેગનેન્ટ મહિલા પર ૮ લોકોએ આચર્યું દુષ્કર્મ

## મહારાષ્ટ્રના સાંગલીમાં બની દર્દનાક ઘટના

સાંગલી,

મહારાષ્ટ્રના સાંગલીમાં સતારાની રહેવાસી આઠ મહિનાની ગર્ભવતી મહિલા સાથે આઠ વ્યક્તિઓએ સામૂહિક ગેંગરેપ કર્યાનો મામલો સામે આવ્યો છે. આ મામલાને ગંભીરતાથી લેતા મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગે ગુરૂવારે સ્થાનિક પોલીસ પાસે રિપોર્ટ માંગ્યો હતી. આ ઘટના મંગળવારની સવારે છ કલાકે બની હતી. ૨૦ વર્ષની મહિલા પોતાના પતિ કે જે હોટલ માલિક છે તેની સાથે તાસગામના તુર્ચિ ફાટામાં એક કારોબારી મીટિંગ માટે આવી હતી.તાસગામ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું કે મહિલા અને તેનો પતિ હોટલના કામ માટે એક દંપતિની શોધ કરી રહ્યાં હતાં. આ કેસના આરોપી મુકુંદ માનેએ પતિને ફોન કરીને જણાવ્યું કે તે આવા દંપત્તિને જાણે છે. જે આવું કામ કરવા માટે રાજી છે અને તેમણે બંન્નેને તુર્ચિ ફાટા બોલાવ્યાં છે. માનેએ તેમને ૨૦૦૦૦ રૂપિયા એડવાન્સમાં લાવવા પણ કહ્યું હતું.જ્યારે હોટલ માલિક તેમની પત્ની સાથે જણાવેલ ચોક્કસ સ્થળે ગયા ત્યારે માને અને તેના માણસોએ તેને ઢોર માર માર્યો. બાદમાં મહિલાના સોનાના ઘરેણાં અને તેમની પાસે રહેલી રોકડ પણ લૂંટી લીધી. બદમાશોએ પતિને બાંધીને કારની અંદર બંધ કરી દીધો અને પછી મહિલા સાથે રેપ કર્યો. જે પછી બધા આરોપીઓ ત્યાંથી ફરાર થઈ ગયાં.હુમલાખોરોએ તેમને ધમકાવ્યાં કે તે પોલીસ પાસે ન જાય કારણ કે અમે આ વિસ્તારના ઘણાં પ્રભાવશાળી વ્યક્તિઓ છે. તેમની વાત પર કોઈ વિશ્વાસ નહીં કરે. આ ઘટના પછી દંપતીએ પોલીસ સ્ટેશન પહોંચીને ફરિયાદ નોંધાઈ હતી. મહિલાએ એફઆરઆઈમાં આઠમાંથી ચાર આરોપીઓ મુકુંદ માને, સાગર, જાવેદ ખાન અને વિનોદનું નામ નોંધાવ્યું હતું.ઘટનાના ૪૮ કલાક પછી પણ પોલીસ એકપણ આરોપીને ઝડપી નથી શકી. આ મામલામાં હસ્તક્ષેપ કરતાં મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ વિજયા રહાતકરે પોલીસને પત્ર લખીને તપાસનો રિપોર્ટ માંગ્યો છે.

# અમરેલીમાં સ્વ.મહમંદરફીને સ્વરાંજલી આપવા મ્યુઝીકલ નાઇટ દીલને ફીર યાદ કીયા યોજાશે

## દેશ વિદેશના ખ્યાતુ પ્રાપ્ત કલાકાર વૃંદ સાથે મ્યુઝીકલ નાઇટ

અમરેલી,

અમરેલીના સંગીત રસીક આમંત્રીત શ્રોતાઓ માટે સ્વ.મહમંદરફીને સ્વરાંજલી આપવા દેશ વિદેશના ખ્યાતી પ્રાપ્ત કલાકાર વૃંદ સાથે મ્યુઝીકલ નાઈટ દીલને ફીર યાદ કીયા યોજાશે. અમરેલીના દિલીપ સંઘાણી હોલ ખાતે તા.૪-૮-૧૮ રાત્રે ૯:૩૦ કલાકે દીલને ફીર યાદ કીયા કાર્યક્રમમાં વોઈશ ઓફ રફી ચીરાગ દેસાઈ, વોઈસ ઓફ લતા અલ્કા ઠાકુર, વર્સેટાઈલ સીંગર સીકનદરખાન પઠાણ, વોઈસ ઓફ કિશોર માસ્ટર એજાજ અને મ્યુઝીકલ ડાયરેકટર બીપીન મકવાણા સહિતનો કાફલો અમરેલીની રાત સંગીતમય બનાવી દેશ. કાર્યક્રમમાં વધુ વિગતો માટે પેન્ટર જોગી મો.નં.૯૪૨૭૭૪૩૨૦૯ અથવા સીકંદરખાન પઠાણ મો.નં.૯૪૨૭૭૪૪૨૩૪નો સંપર્ક કરવા જણાવ્યુ છે. આ કાર્યક્રમમાં જાહેર સેવાઓ બદલ મુકેશભાઈ તેરૈયા પ્રમુખશ્રી અમરેલી રાજગોર બ્રહ્મ સમાજ, પ્રમુખ અમરેલી જીલ્લા સમસ્ત યુવા બ્રહ્મ સમાજ વાઈસ પ્રેસીડેન્ટ અમરેલી જીલ્લા યુવા ભાજપનું સન્માન પણ કરાશે. તેમ આયોજકોએ જણાવ્યુ છે.

# જાફરાબાદ કોળી સમાજે આવેદન પત્ર આપ્યું

અમરેલી,

જાફરાબાદ તાલુકાના ભાળા ગામના કોળી રમેશભાઈ કુશાભાઈ ડાભી અને તા.૨૯/૭ ના ચોરીમાં નાગેશ્રી પોલીસ સ્ટેશનના પી.એ.આઈ પટેલ અને બે ઢોળમાર મારતા પ્રથમ ઉના અને ત્યાથી વધુ સારવાર માટે જુનાગઢ સરકારી દવાખાને ખસેડવામાં આવેલ પી.એસ.આઈ નાગેશ્રી એ અગાઉ પણ તેમના નિવાસ સ્થાને વાડીએ મુદામાલ માટે સરપંચશ્રીને સાથે રાખી તપાસ કરતા કોઈપણ મુદામાલ મળેલ નહતો તેમના પિતા સ્વ.કુશાભાઈ ડાભી પૂર્વ તા.પં. સદસ્ય રહિ ચુકયા હતા તેમાના વિરૂધ આજ સુધીમાં ચોરી કે અને ગંભીર પ્રકારના ગુહના દાખલ નથી જેથી આ કૃત્ય નિંદનીય તેમજ માફ ન કરી શકાય તેવું છે.જેથી જવાબદારો પાસેથી પગલા લેવા ગામના સરપંચ અશોકભાઈ ડાભી સહિત અગ્રણીઓ દ્વારા એસ.પી. અને જીલ્લા કલેટકટરને લેખીત રજુઆત કરવામાં આવી છે.

# માતા-પિતાની દેખભાળ નહીં કરનાર સરકારી કર્મચારીઓનો પગાર ૧૦ ટકા કપાશે

## આસામના સરકારી કર્મચારીઓ સાવધાન

દિસપુર,

આસામના સરકારી કર્મચારીઓ પર ૨ ઓક્ટોબરથી નવો કાયદો લાગુ થશે. જો તે પોતાનાં માતા-પિતા અને દિવ્યાંગ ભાઈ-બહેનોનું ધ્યાન નહીં રાખે તો તેમના પગારમાં ૧૦ ટકાનો ઘટાડો થશે. આ રકમ આશ્રિત માતા-પિતા અને દિવ્યાંગ ભાઈ-બહેનોના બેક્રખાતામાં જમા કરાશે.

આસામ સરકારે ૨૦૧૭ની વિધાનસભામાં માતા-પિતાની જવાબદારી અને દેખભાળનો કાયદો પસાર કર્યો હતો. હવે તેને મંજૂરી મળી ગઈ છે. આસામના નાણાપ્રધાન હિંમત બિસ્વાહ સરમાએ જણાવ્યું કે આ કાયદો લાગુ કરનાર આસામ દેશનું પહેલું રાજ્ય છે. નાણાપ્રધાને જણાવ્યું કે આ નિયમને લાગુ કરવાનો હેતુ એ નક્કી કરવાનો છે કે સરકારી કર્મચારી પોતાના આશ્રિતોની દેખભાળ સારી રીતે કરે.સરમાએ જણાવ્યું કે જો આશ્રિતોએ ઘરમાં ઉપેક્ષાનો શિકાર થવું પડતું હોય તો તેઓ તેની ફરિયાદ પ્રણામ આયોગને કરી શકે છે. સરકારની એવી યોજના છે કે તેઓ આ નિયમને પ્રાઈવેટ કંપનીના કર્મચારીઓ પર પણ લાગુ કરે. સરકારના આ નિર્ણયથી વૃદ્ધો ખૂબ જ ખુશ છે, પરંતુ સરકારી કર્મચારીઓ નારાજ છે. સરકારી કર્મચારીઓ આ કાયદાને પોતાની પર્સનલ લાઈફમાં સરકારનો હસ્તક્ષેપ માને છે. આ ઉપરાંત પૂર્વ મુખ્યપ્રધાન તરુણ ગોગોઈએ અસમીયા સમાજનું અપમાન ગણાવ્યું છે.

# જીએસટી કાઉન્સિલની બેઠકમાં સ્લેબમાં રાહત મળવાની વકીઃ મોદી

## આગામી ૩-૪ મહિનામાં રાજસ્વ સંગ્રહમાં ઘટાડો થઈ શકે

ન્યુ દિલ્હી,

જીએસટી અમલીકરણ સમિતિના ચેરમેન અને બિહારના ઉપમુખ્યમંત્રી સુશીલકુમાર મોદીએ જણાવ્યું કે, ઘણી બધી વસ્તુઓ પર જીએસટીના દરમાં કાપથી આગામી ૩-૪ મહિનામાં રાજસ્વ સંગ્રહમાં ઘટાડો થઈ શકે છે. સુશીલ મોદીએ જણાવ્યું કે જીએસટી કાઉન્સિલે તેની છેલ્લી બેઠકમાં ૪૫૦ જેટલી વસ્તુઓના દરમાં કટૌતી કરી હતી.

ભારતીય સનદી એકાઉન્ટકેર સંસ્થા (આઈસીએઆઈ) દ્વારા અહીં GST પર યોજાયેલા સેમિનારમાં બિહારના ઉપમુખ્યમંત્રી અને નાણામંત્રીએ જણાવ્યું કે જુલાઈ મહિનામાં રાજસ્વ સંગ્રહ રૂ. ૯૬,૪૮૩ કરોડ રહ્યો હતો. તેથી હવે તેને એક લાખ કરોડ રૂપિયા સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે. તેમણે જણાવ્યું કે, જીએસટી કાઉન્સિલ ૧૨ ટકા અને ૧૮ ટકા દરને ૧૪-૧૫ ટકાની એક શ્રેણીમાં રાખવા પર વિચારણા કરી શકે છે.

સુશીલ મોદીએ કહ્યું કે, ''૨૮ ટકાના સ્લેબમાં આવતી વસ્તુઓની સંખ્યામાં પણ ઘટાડો થઈ શકે છે, પરંતુ રાજ્ય અહિતકર વસ્તુઓ અને વિલાસિતની વસ્તુઓ પર ઉપકર અથવા અતિભાર લાગી શકે છે. તેમણે જણાવ્યું કે ભારત જેવા દેશોમાં જીએસટીનું એક દર રાખવું શક્ય નથી. પેટ્રોલિયમ પ્રોડક્ટ્સને GSTના દરમાં લાવવા વિશે તેમણે કહ્યું કે તે તેના પર આધાર રાખે છે કે જ્યારે આવક સ્થિર હોય. જીએસટી કાઉન્સિલની શનિવારે બેઠક યોજાશે. જેમાં સઘન, નાના અને મધ્યમવર્ગની સમસ્યાઓ પર વિચાર કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે હાલમાં, લગભગ ૪૯ દેશો એક જ જીએસટી દરનો ઉપયોગ કરે છે.

તો ૨૮ દેશો બે દરનો ઉપયોગ કરે છે અને ભારત સહિતના ચાર દેશો વધુ બે કરતા વધુ દર ધરાવે છે.

# અરુણાચલમાંથી ગેરકાયદે રહેતા લોકોને પંદર દિવસમાં રાજ્ય છોડાવવાની ઝુંબેશ

## સંપૂર્ણ દસ્તાવેજ બહાર પાડવામાં આવ્યાના ત્રણ દિવસ પછી અરુણાચલ પ્રદેશ

ઈટાનગર,

આસામમાં નેશનલ રજિસ્ટર ઑફ સિટિઝન્સ (એનઆરસી)નો સંપૂર્ણ દસ્તાવેજ બહાર પાડવામાં આવ્યાના ત્રણ દિવસ પછી અરુણાચલ પ્રદેશની ટોચની વિદ્યાર્થી સંસ્થા દ્વારા તેમના રાજ્યમાં ગેરકાયદે વસતા લોકોને પંદર દિવસમાં રાજ્ય છોડી જવાનું જણાવ્યું હતું. આસામમાં એનઆરસી બહાર પડ્યા પછી ત્યાં ગેરકાયદે નિવાસ કરતા લોકો પોતાના રાજ્યમાં પગપેસારો કરશે એવા ડરને લીધે ઑલ અરુણાચલ પ્રદેશ સ્ટુડન્ટ્સ યુનિયન (એએપીએસયુ) દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે ‘રાજયમાંના ગેરકાયદે વસાહતીઓને હાંકી કાઢવાની ઝુંબેશ આદરશે અને જિલ્લા સત્તાવાળાને રાજ્યના એન્ટ્રી પોઈન્ટ પર નિગરાની રાખવામાં મદદ કરશે.

એએપીએસયુના જનરલ સેક્રેટરી તોબોમ દાઈએ જણાવ્યું હતું કે આસામના એનઆરસીના ડ્રાફ્ટમાં જેમનાં નામનો સમાવેશ કરવામાં આવ્યો નહીં હોય તેવા ગેરકાયદે રહેતા લોકો રાજ્યમાં પ્રવેશવાનો પ્રયાસ કરી શકે છે.

એએપીએસયુના સભ્ય તાટુંગ ટાગાના અધ્યક્ષપદે સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિના સભ્યો આખા રાજ્યમાં ગેરકાયદે વસાહતીની હકાલપટ્ટી કરવાની ઝુંબેશ આદરશે. બે રાજ્ય વચ્ચેના સીમા વિસ્તારોમાં એન્ટ્રિ પોઈન્ટ પર લોકોની ચકાસણી કરવામાં જિલ્લા સત્તાવાળાને મદદ કરશે. ગેરકાયદે વસાહતી નાગરિકો સામેની ઝુંબેશ દરમિયાન બિન જરૂરી હેરાનગતિ ટાળવા માટે

દાઈએ લોકોને પોતાની ઈનર લાઈન પરમિટ (આઈએલપી) અને બીજા દસ્તાવેજો તૈયાર રાખવાની વિનંતિ કરી હતી. ગયા અઠવાડિયે અરુણાચલની રાજ્ય સરકારે જુદા જુદા જિલ્લામાં જરૂરી દસ્તાવેજો અને પરમિટ વિના રહેતા લોકો વિરુદ્ધ આદરેલી ઝુંબેશ દરમિયાન તિરાપ જિલ્લાના ખોન્સામાં આઈપીએલ નહીં ધરાવતા ૧૫ જણને પકડવામાં આવ્યા હતા. રાજ્યની રાજધાનીમાં યોગ્ય આઈપીએલ નહીં ધરાવતા ૨૦થી વધુ જણને પાછા મોકલી દેવામાં આવ્યા હતા.

# ઉપરાષ્ટ્રપતી પીપળી નેશનલ હાઇવેનું ખાત મુહુર્ત કરશે

ભાવનગર,

ભાવનગરના પીપળી નેશનલ હાઈવેનો ખાત મુહુર્ત સમારોહ તા.૧૨ના રોજ ઉપરાષ્ટ્રપતી વેંકૈયા નાયડુ, કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, રાજયપાલ ઓ.પી.કોહલી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાશે. તેમ કલેકટરશ્રી હર્ષદ પટેલના અધ્યક્ષપદે મળેલી આયોજન બેઠકમાં જણાૈવ્યું હતુ.

# રાજય સરકાર દ્વારા અમરેલી સંસદીય વિસ્તારના ૯ રસ્તાઓના કામો માટે ૯ કરોડ રૂપીયા મંજુર

## મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને માર્ગ અને મકાન મંત્રી શ્રી નીતિનભાઈ પટેલનો આભાર માનતા સાંસદશ્રી નારણભાઈ કાછડીયા



અમરેલી,

રાજય સરકારના માગ અને મકાન મંત્રાલય દ્વારા અમરેલી સંસદીય વિસ્તારના અમરેલી, લીલીયા, ધારી, લાઠી, રાજુલા અને ગારીયાધાર તાલુકાને જીલ્લા અને બે તાલુકા સાથે જોડતા નીચે મુજબના ૯ રસ્તાઓના કામો માટે રૂા. ૯ કરોડ જેવી માતબર રકમ મંજુર કરવામાં આવેલ છે.

અમરેલી અમરેલી–કુંકાવાવ–વડીયા રોડ (કિ.મી. ૧/૨૦૦ થી ૬/૨૦૦) ૨

લીલીયા અમરેલી–લીલીયા–ક્રાંકચ રોડ (કિ.મી. ૧૪/૬ થી ૧૬/૬) ૩

લીલીયા સાવર કુંડલા– રંઘોળા રોડ (કિ.મી. ૧૬/૦ થી ૨૦/૦) બેઠા પુલની આશરે ૧૦૦ મી. લંબાઈમાં વેરીંગ કોટ તથા અન્ય કામગીરી ૪ધારી ચાવંડ–લાઠી–અમરેલી–ધારી–કોડીનાર રોડ ફનીચર તથા અન્ય કામગીરી ૫ લાઠીલાઠી–દામનગર રોડ કિ.મી. ૪/૨ થી ૪/૪ વચ્ચે ૬

રાજુલા રાજુલા–ડુંગર રોડ (કિ.મી. ૩/૯ થી ૮/૧૦૦) ૭ ગારીયાધાર

ગારીયાધાર–મોટા ચારોડીયા રોડ (કિ.મી. ૦/૦ થી ૧૦/૦) ૮

ગારીયાધાર

ગારીયાધાર–નોંઘણવદર– સણોસરા રોડ વચ્ચે પ્રોટેકશન વોલની કામગીરી ગારીયાધાર

ઓથા–બગદાણા રોડ (કિ.મી. ૦/૦ થી ૨૦/૦) આંગણકા જંકશન નજીક કિ.મી. ૪/૦ થી ૫/૦ વચ્ચે ૧૫ મી. લંબાઈનું નાળાની પેરાપેટ બનાવવાની તેમજ સી.સી. વકની કામગીરી તેમજ કિ.મી. ૫/૦ થી ૬/૦ વચ્ચે સ્લેબ ડ્રેઈન તેમજ પ્રોટેશન વોલની કામગીરી

ઉપરોકત કામો માટે રાજય સરકાર દ્વારા ૯ કરોડ રૂપિયા જેવી માતબર રકમ ફાળવવામાં આવેલ અંગેની જાણ મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાને કરવામાં આવતા સાંસદશ્રીએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલનો ખૂબ ખૂબ આભાર માનેલ છે.

# બાયોડિઝલના ભળતા નામે વેચાતી પ્રોડકટનું વહેચાણ અટકાવો

## અમરેલી જીલ્લા પેટ્રોલપંપ ડિલર એસોસીએશને કરેલી રજુઆત

અમરેલી,અમરેલી જીલ્લાના પેટ્રોલપંપ ધારકો ધંધા માટે લાખો કરોડોનું રોકાણ કરે છે. પણ હાલના સંજોગોમાં બધા જ ડિલરોનું ડિઝલ, પેટ્રોલનું વહેચાણ ઘટી મયું છે. તેની તપાસ કરતા જાણવા મળ્યુ કે જીલ્લાના સરેક તાલુકા લેવલે હાઈવે બાયપાસ અને ગ્રામ્ય વિસ્તારમાં બાયોડિઝલના ભળતા નામે ડિઝલ રૂપિયા ૧૦ થી ૧૨ રૂપિયે સસ્તો કોઈ પેટ્રોલીયમ પદાર્થ મળે છે. અને પેટ્રોલપંપની જેમ પંપ તથા ટાકીઓ રાઘી વહેચાણ કરી રહ્યા છે. તે ગેરકાયદેસર છે. કોઈપણ જાતના લાયસન્સ વગરનો છે તે વહેચી શકે નહી આ પદાર્થથી એક્ષ સાઈઝની અને વેઈટની કરોડો રૂપિયાની ચોરી થાય છે. સરકારને પણ નુકશાન થાય છે. અગાઉ ૨૧-૧૧-૧૭ના રોજ કલેકટર તથા એસપીને અરજી કરી હતી. આવા ભળતા નામના પેટ્રોલીયમ પદાર્થના ગેરકાયદેસર વહેચાણને અટકાવવા જીલ્લા પેટ્રોલપંપ એસોસીએશને વિધાનસભાના વિરોધપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત, અમરીશભાઈ ડેર, વિરજીભાઈ ઠુંમર, જે.વી.કાકડીયાને પણ રજુઆત કર્યાનું અખબારી યાદીમાં જણાવ્યું છે.

વાહ ક્યા સીન હૈ..!



શુભમ

લીલીયાના બીપનભાઈ અને સુરેખાબેનનો લાડલો, દાદા રતીભાઈ, દાદી જયશ્રીબેન, કાકા નિકુંજભાઈ, ફુવા નીતીનભાઈ, ફઈબા માલતીબેન, ફુવા ઘનશ્યામભાઈ, ફઈ પારૂલબેન, ભાઈ કરણ, ધ્રુવેશ, રાજ અને બેન કિંજલ, કુંતીનો વહાલો શુભમ આજે જન્મદિન ઉજવશે કાક ખાવા આવજો.

# એચડીએફસીએ હોમ લોનના વ્યાજદરમાં ૦.૨ ટકાનો વધારો કર્યો

ન્યુ દિલ્હી,

હાઉસિંગ ડેવલપમેન્ટ એન્ડ ફાઈનાન્સ કોર્પ (એચડીએફસી)એ હોમ લોનના વ્યાજ દરમાં ૦.૨ ટકાનો વધારો કરવાની જાહેરાત કરી છે. આરબીઆઈએ વ્યાજ દરમં વધારો કર્યાના એક દિવસ બાદ બેંકે આ નિર્ણય કર્યો છે.બેંક દ્વારા વ્યાજ દરમાં વધારો કર્યા બાદ મહિલાઓને ૩૦ લાખ રૂપિયા સુધીની લોન ૮.૭%ના દરે મળશે તો ૩૦ લાખથી વધુની લોનનો વ્યાજ દર ૮.૮% રહેશે. અન્ય ગ્રાહકો માટે આ દર ૫ બેસિસ પોઈન્ટ્સ વધુ રહેશે.જ્યારે અન્ય બેંકની વાદ કરીએ ICICI બેંક મહિલાઓને ૩૦ લાખ રૂપિયા સુધીની લોન ૮.૫૫%ના વ્યાજ દરે આપે છે. જ્યારે ૩૦-૭૫ લાખ સુધીની લોન ૮.૬૫% વ્યાજે અને ૭૫ લાખથી વધુની લોન હોય તો વ્યાજ દર ૮.૭% છે. પુરુષોને લોન લેવી હોય તો વ્યાજ દર ૫ બેસિસ પોઈન્ટ્સ વધુ છે. જીમૈંની સૌથી સસ્તી લોન ૮.૪૫%ના વ્યાજ દરે શરૂ થાય છે.

સંધિવા, કમર, ગોઠણ, ચિકનગુનિયા તેમજ શરીરનો કોઇપણ દુઃખાવો હોય

હું નાગજીભાઇ સખીયા – રાજકોટ જણાવુ છુ કે ઓપરેશન કરાવવા છતા કમર કે પગના દુઃખાવામાં ફેર પડેલ ન હતો પણ મે રેપીડ હેલ્થકેર કંપનીની રૂમોવીન દવા લેવાથી મને સંપૂર્ણ દુઃખાવો મટી ગયેલ છે.

નોંધ :– આ દવા ૧૦૦% આયુર્વેદીક છે

દર્દીને દવાથી ફાયદો ન થાય તો દવાના પૈસા પરત આપવામાં આવશે.

ઓપરેશન વગર હરસ–મસા–ફીસર ભગંદરના દુઃખાવામાંથી તુરંત મુક્તિ

રેપીડ હેલ્થકેર કંપની સુરત દ્વારા ૧૦ ઉચ્ચ જડીબુટી માંથી બનાવેલ ૧૦૦% આયુર્વેદિક ગો-પીલ સિરપ અને કેપ્સુલ લેવાથી હરસ-મસા સુકાઇ જાય છે. લોહી પડતુ બંધ થાય છે. ફીસરના કાપા સુકાય જાય છે. ભગંદરનું પરૂ સુકાય જાય છે. ઓપરેશનની જરૂર પડતી નથી. ગો–પીલની દવા શરૂ કરતાજ આરામ થાય છે.

(દરેક શહેરમાં દવા ઉપલબ્ધ છે.)

સ્થળ :–વિન મેડીકો, સારથી-૨ કોમ્પલેક્ષ, ફસ્ટ ફલોર, ડો.સોજીત્રા હોસ્પિટલની બાજુમાં, અમરેલી

મો.૭૦૧૬૬ ૨૯૦૮૧ / ૭૫૬૭૦ ૩૩૦૦૬

## સુરક્ષા દળોને વધુ એક મોટી સફળતા મળી

# કુપવારા ભીષણ અથડામણમાં બે ત્રાસવાદી ઠાર : શસ્ત્રો કબજે

### બાતમી આધારે સફળ ઓપરેશન પાર પડાયું : ત્રાસવાદી સામે આક્રમક કાર્યવાહીનો દોર યથાવતરીતે જારી રખાયું

કુપવારા,જમ્મુ કાશ્મીરના કુપવારામાં સુરક્ષા દળોને આજે મોટી સફળતા હાથ લાગી હતી. ભીષણ અથડામણમાં વધુ બે ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. જમ્મુ કાશ્મીરના પોલીસ મહાનિદેશક એસપી વૈદ્ય દ્વારા ટ્વિટર પર આ અંગેની માહિતી આપવામાં આવી છે. કુપવારા રાજયના સૌથી સંવેદનશીલ વિસ્તારો પૈકી એક તરીકે છે. ડીજીપી એસપી વૈદ્ય દ્વારા ટ્વિટર પર કહેવામાં આવ્યું છે કે, લોલાબ કુપવારામાં જમ્મુ કાશ્મીર પોલીસ અને સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલા ભીષણ ઓપરેશનમાં બે ત્રાસવાદીઓ ઠાર થયા છે. ત્રાસવાદીઓ પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા છે. બાતમીના આધારે આ સમગ્ર ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લા સહિત કેટલાક જિલ્લાઓમાં તંગદિલી વચ્ચે ૨૯મી જુલાઈના દિવસે ત્રાસવાદીઓની સામે મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. ઉત્તરીય કાશ્મીરના કુપવારા અને શ્રીનગર શહેરમાં બે જુદા જુદા સ્થળ પર કાર્યવાહી કરવામાં આવી હતી. કુપવારાના હેન્ડવારામાં પણ મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરમાં હાલ પણ મોટી સંખ્યામાં ત્રાસવાદી સક્રિય થયેલા છે. આ ત્રાસવાદીઓ પરિસ્થિતિનો લાભ ઉઠાવીને હુમલા કરવાની યોજના ધરાવે છે. હાલમાં જ અહેવાલ આવ્યા હતા કે, ૨૦૦થી વધુ ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. ઓપરેશન ઓલઆઉટ અને સેનાના આક્રમક વલણના કારણે ઘુસણખોરીના પ્રયાસમાં મોટી સંખ્યામાં ત્રાસવાદી ફુંકાયા છે. સેના અને સુરક્ષા દળો દ્વારા રાજયમાં ઓપરેશન ઓલઆઉટ હાથ ધર્યુ છે. જેના કારણે ૨૩૦થી વધુ ત્રાસવાદીઓ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. જો કે સેના અને સુરક્ષા દળો દ્વારા ખુબ આક્રમક વલણ અપનાવવામાં આવી રહ્યુ છે. જેના કારણે ત્રાસવાદીઓને સફળતા મળી રહી નથી.સંરક્ષણ પ્રવક્તાનું કહેવું છે કે, આ વર્ષે ઘુસણખોરીના સેંકડો પ્રયાસોને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યા છે. ત્રાસવાદીઓ સતત હુમલા કરવાના ઈરાદા સાથે ઘુસણખોરી કરી રહ્યા છે. ભારતીય સેનાએ આ વર્ષે મે મહિનામાં પાકિસ્તાની બોર્ડ એક્શન ટીમના બે જવાનોને પણ મોતને ઘાટ ઉતારી દીધા હતા. સેનાના અધિકારીઓના કહેવા મુજબ પાકિસ્તાની સેના યુદ્ધ વિરામનો ભંગ કરીને હજુ પણ ગોળીબાર કરી શકે છે. મુખ્ય ઈરાદો અંકુશરેખા મારફતે આતંકવાદીઓને ઘુસાડવાનો રહ્યો છે. કાશ્મીરમાં જ નહીં બલ્કે દેશના અન્ય ભાગોમાં પણ હુમલા કરવાની યોજના ત્રાસવાદીઓ બનાવી રહ્યા છે.

---

## શ્રદ્ધાળુઓની નવી ટુકડી વહેલી સવારે રવાના

# સઘન સુરક્ષાની વચ્ચે ૬૦૩ અમરનાથ યાત્રીઓ રવાના

### જુદા જુદા ૧૬ વાહનોમાં શ્રદ્ધાળુ રવાના : ભગવતીનગર યાત્રી નિવાસ ખાતે શ્રદ્ધાળુઓમાં અભતપૂર્વ ઉત્સાહ રહ્યો

શ્રીનગર,અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આજે વહેલી સવારે ૬૦૩ શ્રદ્ધાળુઓની નવી ટુકડી અમરનાથ દર્શન માટે રવાના કરવામાં આવી હતી. આ શ્રદ્ધાળુઓની સાથે મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો રહ્યા હતા. અમરનાથ યાત્રા શરૂ થયા બાદથી હજુ સુધી શ્રદ્ધાળુઓના ઉત્સાહમાં કોઈ ઘટાડો થઈ રહ્યો નથી. સવારમાં ભગવતીનગર યાત્રી નિવાસ ખાતેથી આ તમામ શ્રદ્ધાળુઓ રવાના કરવામાં આવ્યા હતા. ૧૬ જુદા જુદા વાહનોમાં આ શ્રદ્ધાળુઓ રવાના કરવામાં આવ્યા હતા. બલતાલ અને પહેલગામ માટે આ ટીમ રવાના થઈ હતી. હજુ સુધી અમરનાથ દર્શન કરી ચુકેલા શ્રદ્ધાળુઓની સંખ્યા ૨.૯૬ લાખથી ઉપર પહોંચી ચુકી છે. જે એક નવો રેકોર્ડ છે. આ વર્ષે આંકડો વર્ષ ૨૦૧૭માં રહેલા ૨.૬૦ લાખના આંકડાને પહેલાથી જ પાર કરી ગયો છે. હજુ સુધી આ વર્ષે ૨.૯૬ લાખ શ્રદ્ધાળુઓ નોંધાયા છે. બીજી બાજુ વર્ષ ૨૦૧૬માં માત્ર ૨.૨ લાખ શ્રદ્ધાળુઓ નોંધાયા હતા. હુમલાની દહેશત હોવા છતાં શ્રદ્ધાળુઓ ભયવગર આગળ વધી રહ્યા છે. ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બાબા બર્ફાનીના દર્શન કરવા માટે તમામ શ્રદ્ધાળુઓ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. શ્રદ્ધાળુઓ દર્શન માટે નિયમિત ગાળામાં રવાના થઈ રહ્યા છે. આ ઉત્સાહ અકબંધ રહી શકે છે. યાત્રા રક્ષા બંધન સુધી ચાલનાર છે. આજે સવારે સઘન સુરક્ષા વચ્ચે શ્રદ્ધાળુઓની ટીમ રવાના થઈ હતી. અમરનાથ યાત્રા દરમિયાન જુદી જુદી ઘટનાઓમાં હજુ સુધી ૧૩ના મોત થઈ ચુક્યા છે. અમરનાથ યાત્રામાં અનેક પ્રકારની અડચનો આવી રહી છે છતાં શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લાખો શ્રદ્ધાળુઓ પહેલાથી દર્શન કરી ચુક્યા છે અને હજુ લાખો શ્રદ્ધાળુઓ દર્શન કરવા માટે ઉત્સુક બનેલા છે.અમરનાથ યાત્રાને લઈને શ્રદ્ધાળુઓ વર્ષથી રાહ જોતા રહે છે.પ્રતિકુળ સંજોગો હોવા છતાં શ્રદ્ધાળુઓના ઉત્સાહ અને ધાર્મિક માહોલમાં કોઈ ઘટાડો થયો નથી. અમરનાથ યાત્રામાં કોઈ પણ તકલીફ ન પડે તે માટે આ વખતે કેન્દ્રની મોદી સરકાર પણ સક્રિય રહી છે. ખરાબ હવામાનની સ્થિતી હોવા છતાં શ્રદ્ધાળુઓ ભારે ઉત્સાહિત દેખાઈ રહ્યા છે.હાલમાં ભારે વરસાદ, ખરાબ હવામાન અને પ્રતિકુળ સંજોગોના કારણે અમરનાથ યાત્રાને વારંવાર મોકૂફ રાખવામાં આવી હતી પરંતુ શ્રદ્ધાળુઓનો ઉત્સાહ અભૂતપૂર્વ છે.તમામ ખરાબ સંજોગો હોવા છતાં ભારે ઉત્સાહ છે. ૨૮મી જૂનના દિવસો અમરનાથ યાત્રાની શરૂઆત થઈ હતી. ત્યારબાદથી સતત વરસાદ થવાના કારણે યાત્રામાં વારંવાર અડચણો આવી રહી છે. ૩૦મી જૂનના દિવસે દિવસ દરમિયાન યાત્રાને રોકવામાં આવી હતી. બાલતાલ અને પહેલગામ બેઝ કેમ્પમાં પહેલાથી જ રહેલા શ્રદ્ધાળુઓને રવાના કરવામાં આવ્યા છે. સુરક્ષા વ્યવસ્થા તમામ જગ્યાએ રાખવામાં આવી છે. વિતેલા વર્ષોમાં હુમલા થઈ ચુક્યા છે જેથી આ વખતે વિશેષ સુરક્ષા રાખવામાં આવી રહી રહી છે. આ વખતે અમરનાથમાં છેલ્લા બે વર્ષનો રેકોર્ડ તુટી ચુક્યો છે. ૬૦ દિવસ સુધી ચાલનાર અમરનાથ યાત્રા પૂર્ણ થવા આડે હજુ ચાર સપ્તાહ બાકી રહ્યા છે ત્યારે આંકડો નવી ઉચી સપાટી પર પહોંચી શકે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સૌથી વધુ શ્રદ્ધાળુઓ પહોંચતા તંત્ર સંતુષ્ટ છે.

---

## અભ્યાસક્રમ પૂર્ણ કરવામાં તકલીફ પડી શકે

# નવરાત્રિ વેકેશન : નિર્ણય પર ફેર વિચારણા કરવાની માંગ

### સરકારના નિર્ણયને લઇને વિરોધાભાષી પ્રતિક્રિયાઓ મળી

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં મોટાભાગની ખાનગી સ્કુલો નવરાત્રિ વેકેશનને લઈને વાંધો ઉઠાવી રહી છે. આને લઈને હજુ પણ ચર્ચા ચાલી રહી છે. મોટાભાગની ખાનગી સ્કુલોએ ચુકાદા પર ફેરવિચારણા કરવાની માંગણી કરી છે.

આટલી રજા પડશે તો પાઠચક્રમ અથવા તો અભ્યાસક્રમને કઈરીતે પૂર્ણ કારશે તેને લઈને પ્રશ્નો કરવામાં આવી રહ્યા છે. આગામી દિવસોમાં પણ આ વિરોધ પ્રદર્શન જારી રહે તેવી શકયતા છે. સ્વરનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી પત્ર લખીને વિરોધ નોંધાવી દેવામાં આવ્યો છે.

આ સંદર્ભમાં ફેરવિચારણા કરવા માટે કહેવામાં આવ્યું છે. રાજયમાં શૈક્ષણિક સત્રની વાત કરવામાં આવે તો પ્રથમ શૈક્ષણિક સત્ર ૧૧મી જૂનથી ચોથી નવેમ્બર દરમિયાનનું હોય છે અને એમાં કાર્ય દિવસ ૧૧૬ દિવસના હોય છે જ્યારે દિવાળી વેકેશન પાંચમી નવેમ્બરથી ૨૫મી નવેમ્બર છે. આમા રજાના દિવસો ૨૧ દિવસ હોય છે. જ્યારે બીજા સત્રની શરૂઆત ૨૬મી નવેમ્બર ૫મી મે દરમિયાન રહે છે. આમા ૧૨૧ દિવસ કાર્ય દિવસ હોય છે. કુલ શૈક્ષણિક સત્રના કાર્યના દિવસો ૨૪૭ હોય છે. છઠ્ઠી મેથી ૫મી જૂન દરમિયન વેકેશનનો ગાળો રહેશે.

સરકારે નવરાત્રિ અને દિવાળીના વેકેશનને લઈને જે નિર્ણય કર્યો છે તેને લઈને ભારે નારાજગી અકબંધ દેખાઈ રહી છે. ઘણા વાલીઓ પણ આને લઈને વાંધો ઉઠાવી રહ્યા છે. બીજી બાજુ નવરાત્રિ વેકેશનને લઈને મિશ્ર પ્રતિક્રિયાઓ આવી રહી છે. કેટલાક વિદ્યાર્થીઓ ખુશ પણ દેખાઈ રહ્યા છે.

સોશિયલ મિડિયા પર જુદા જુદા પ્રકારના મેસેજો આવી રહ્યા છે. દિવાળી, નવરાત્રિની રજાઓ, રવિવારની રજાઓ અને અન્ય રજાઓની સાથે અભ્યાસની સરખામણી થઈ રહી છે.

વાલીઓનું કહેવું છે કે, નવરાત્રિ વેકેશનથી પાઠ્યક્રમ પૂર્ણ કરવામાં કોઈ તકલીફ થશે નહીં. કારણ કે દિવાળી વેકેશનના ગાળામાં ૧૦ દિવસ ઘટાડી દેવામાં આવ્યા છે જ્યારે કેટલાક લોકોનું એવું પણ કહેવું છે કે, રજાઓ આપવાની અસર અભ્યાસ પર ચોક્કસપણે થશે.

---

## બાપુનગર પોલીસને ચકમો આપીને ફરાર

# મહિલા બુટલેગર ફરાર થઇ જતાં ૪ પોલીસ કર્મી સસ્પેન્ડ

### સિતારા મારામારી, પ્રોહીબિશનના પ્રકરણમાં વોન્ટેડ હતી

અમદાવાદ,

શહેરના બાપુનગર વિસ્તારમાં મારામારી તેમજ દારૂના કેસમાં સંડોવાયેલી એક આરોપી મહિલા બુટલેગર ગઈકાલે મોડી રાત્રે બાપુનગર પોલીસ સ્ટેશનમાંથી સિફતતાપૂર્વક ફરાર થઈ જતાં ભારે ચકચાર મચી ગઈ હતી.

બીજીબાજુ, મહિલા બુટલેગર પોલીસ સ્ટેશનમાંથી ફરાર થઈ જતાં ઉચ્ચ પોલીસ અધિકારી ડીસીપીએ સમગ્ર મામલાની ગંભીર નોંધ લીધી હતી અને આ ઘટના માટે જવાબદાર અને ફરજમાં ચૂક દાખવનાર એક એએસઆઇ સહિત ચાર પોલીસ કર્મચારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાયા હતા. જેને પગલે શહેરભરના પોલીસબેડામાં ભારે ચકચાર મચી ગઈ હતી. બાપુનગર પોલીસના લોકઅપમાંથી મહિલા બુટલેગર ફરાર થઈ જવાની આ ગંભીર ઘટનામાં ઝોન-૫ના ડીસીપી હિમકરસિંહે એક આસિ. સબ ઈન્સ્પેકટર, બે મહિલા પોલીસ કોન્સ્ટેબલ અને અન્ય એક પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કર્યા હતા. ચાર પોલીસ કર્મચારી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરાતાં શહેરભરના પોલીસ બેડામાં સસ્પેન્શનનો મામલો ચર્ચાનો મુદ્દો બન્યો હતો.

બીજીબાજુ, બાપુનગર પોલીસે ચારેય પોલીસ કર્મચારીઓ સામે ગંભીર બેદરકારી દાખવવા બદલ ગુનો પણ દાખલ કર્યો છે, જેને લઈ આ પોલીસ કર્મચારીઓની મુશ્કેલી વધી છે. દરમ્યાન એચ ડિવિઝનના એસીપી બી.વી. ગોહિલે જણાવ્યું હતું કે, બાપુનગરની માથાભારે સિતારા નામની મહિલા બુટલેગર મારામારી તેમજ પ્રોહીબિશનના કેસમાં વોન્ટેડ હતી. બાપુનગર પોલીસે ગઈકાલે તેની ધરપકડ કરી હતી. મોડી રાત્રે સિતારા એએસઆઈ સહિત ચાર પોલીસ કર્મચારીઓને ચકમો આપી પોલીસ કસ્ટડીમાંથી ફરાર થઈ ગઈ હતી. આ સમગ્ર ઘટનાની જાણ ડીસીપીને થતાં તેમણે તમામ પોલીસ કર્મચારીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા હતા. પોલીસે ફરાર મહિલા બુટલેગરને ઝડપી લેવાના ચક્રો પણ ગતિમાન કર્યા છે.

---

## કસૂરવાર શાળા-કોલેજોની મિલ્કતોને સીલ મરાશે

# પાર્કિંગને લઇ નોટિસને અમલી ન કરનાર શાળાઓ પર તવાઇ

### નોટિસનું સમયમર્યાદામાં પાલન ન કરાય તો હવે ટ્રાફિક પોલીસ દ્વારા કસુરવાર તમામ મિલકતોની યાદી બનાવાશે

અમદાવાદ,

શહેરમાં ચાલતી ટ્રાફિકની ડ્રાઈવને ટ્રાફિક પોલીસ આજથી વધુ કડક બનાવવા જઈ રહી છે. ટ્રાફિક અને પાર્કિંગ મુદ્દે શહેરની શાળા-કોલેજો, મોલ, હોસ્પિટલ, કોમ્પ્લેક્સ વગેરે મિલકતોને ટ્રાફિક પોલીસ દ્વારા આપવામાં આવેલી નોટિસનું સમયમર્યાદામાં પાલન નહી કરાય તો ટ્રાફિક પોલીસ દ્વારા આવી કસૂરવાર મિલકતોનું લિસ્ટ તૈયાર કરી મ્યુનિસિપલ કોર્પોરેશનને આપવામાં આવશે. ત્યારબાદ શાળા-કોલેજ, શોપીંગ મોલ કે હોસ્પિટલ સહિતની આવી પ્રિમાઈસીસીમાં પાર્કિંગ મુદ્દે સીલ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. એટલું જ નહી, આ અંગેનો સમગ્ર રિપોર્ટ પણ ગુજરાત હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવશે. આ સિવાય શહેરના વિવિધ વિસ્તારોમાં ફ્લેટ, સોસાયટી તેમજ મિલકતોની બહાર નો-વિઝિટર પાર્કિંગ બોર્ડ લગાવનારા લોકોની પણ યાદી તૈયાર કરી તેમની સામે પગલાં લેવા પણ મ્યુનિ.ને જાણ કરવામાં આવશે. ટ્રાફિક અને પાર્કિંગ મુદ્દે શહેરની શાળા-કોલેજો, મોલ, હોસ્પિટલ, કોમ્પ્લેક્સ વગેરે મળી અંદાજિત ૧૦૦૦ મિલકતોને ટ્રાફિક પોલીસ નોટિસ આપવામાં આવી છે. આ નોટિસ બાદ પણ મિલકતના સંચાલકો દ્વારા પાર્કિંગ મામલે કોઈ પગલાં અથવા વ્યવસ્થા નહિ કરવામાં આવી હોય તો આજથી તેમનું લિસ્ટ ટ્રાફિક પોલીસ દ્વારા તૈયાર કરવાની પ્રક્રિયા આરંભાઈ છે.

જે પણ મિલકતો દ્વારા કાર્યવાહી કરવામાં આવી નથી તેની સામે હવે કડક પગલાં લેવામાં આવશે. ગઈકાલે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાર્કિંગ મુદ્દે અમરાઈવાડી ટોરેન્ટની ઓફિસને સીલ મારી દેવામાં આવ્યું હતું. પાર્કિંગની પૂરતી સુવિધા ન હોવાના કારણે શાળા-કોલેજો, મોલ, કોમ્પ્લેક્સ વગેરેમાં આવતા લોકો બહાર રોડ પર જ વાહન પાર્ક કરી દે છે. જેના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે.

પાર્કિંગ મામલે ટ્રાફિક પોલીસની નોટિસને અવગણનારા વિરુદ્ધ હવે કડક કાર્યવાહી ઉપરાંત ફ્લેટ, સોસાયટી તેમજ મિલકતોની બહાર નો-વિઝીટર પાંકિંગના બોર્ડ લગાવનારા સામે પણ હવે ટ્રાફિક પોલીસ કાર્યવાહી કરશે. ફ્લેટ અને સોસાયટીઓની બહાર લગાવવામાં આવેલા બોર્ડ મામલે પોલીસે તેઓને બોર્ડ હટાવી અને લોકોને અંદર જ પાંકિંગ કરાવવા માટે જાણ કરી છે. જાણ છતાં પણ જો હજી બહાર રોડ પર જ પાર્ક કરવામાં આવ્યું હશે તો તેની સામે કાર્યવાહી કરવા મ્યુનિસિપલ કોર્પોરેશને જાણ કરવામાં આવશે. ટ્રાફિક ડીસીપી અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું કે પાર્કિંગના મુદ્દે જે પણ શાળા-કોલેજ, હોસ્પિટલને નોટિસ આપવામાં આવી છે છતાં કોઈ પગલાં નથી લીધાં તેમની સામે હવે આકરી કાર્યવાહી કરવામાં આવશે. માત્ર પશ્ચિમ જ નહિ પૂર્વ વિસ્તારમાં પણ આજ રીતે કડક પગલાં લેવામાં આવશે.

પાર્કિંગ અને નો-વિઝિટર બોર્ડ મામલે નોટિસ આપ્યા બાદ પણ જે લોકોએ પગલાં નથી લીધાં તેનું લિસ્ટ બનાવી મ્યુનિસિપલ કોર્પોરેશનને આપવામાં આવશે અને તેનો રિપોર્ટ ગુજરાત હાઈકોર્ટમાં પણ રજૂ કરવામાં આવશે. આ સંજોગોમાં હવે શાળા-કોલેજો સહિતની પ્રિમાઈસીસના કબ્જેદારોમાં ભારે ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે.

---

## નફો ૧.૩૨ ટકા વધીને ૩૬.૩૮ કરોડ થયો

# મનપસંદે તમામ પડકારોની વચ્ચે ખુબ સારો દેખાવ કર્યો

### વડોદરામાં કંપનીનો ત્રીજો પ્લાન્ટ કાર્યરત : વારાણસીમાં નવા પ્લાન્ટનું ઇન્સ્ટોલેશન કાર્ય : શ્રી સીટીમાં નિર્માણકાર્ય

અમદાવાદ,

ભારતની અગ્રણી ફ્રૂટ ડ્રિન્ક કંપની મનપસંદ બેવરેજીસ લિમિટેડ દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના અંતિમ ત્રિમાસિક ગાળામાં વડોદરામાં કંપનીનો ત્રીજો પ્લાન્ટ કાર્યરત કર્યા બાદ હવે કંપની વારાણસીમાં તેના નવા પ્લાન્ટનું ઈન્સ્ટોલેશન કાર્ય અને શ્રી સીટીમાં નિર્માણકાર્ય પૂર્ણ થવાના આરે છે. જયારે હવે મનપસંદ બેવરેજીસે તેનો ઓડિશામાં ખુર્દામાં ૪થો નવો પ્લાન્ટ સ્થાપવાની દિશામાં પણ મહત્વની કવાયત હાથ ધરી છે.

આ સાથે જ તા.૩૦ જૂન, ૨૦૧૮નાં રોજ પૂર્ણ થયેલા પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતની અગ્રણી ફ્રૂટ ડ્રિન્ક કંપની મનપસંદ બેવરેજીસ લિમિટેડનો ચોખ્ખો નફો ૧.૩૨ ટકા વધીને રૂ. ૩૬.૩૮ કરોડ થયો છે, જે ગયા વર્ષનાં સમાન ત્રિમાસિક ગાળામાં રૂ. ૩૫.૯૧ કરોડ હતો. આમ, મનપસંદે પ્રથમ કવાર્ટરમાં તમામ પડકારો વચ્ચે સારો દેખાવ કર્યો હતો એમ મનપસંદ બેવરેજીસ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ધીરેન્દ્ર સિંહે જણાવ્યું હતું.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બેવરેજીસની નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯નાં પ્રથમ ત્રિમાસિક ગાળામાં કુલ આવક રૂ. ૩૪૦.૦૭ કરોડ નોંધાઈ છે, જે અગાઉનાં નાણાકીય વર્ષનાં સમાન ત્રિમાસિક ગાળાની કુલ રૂ. ૩૧૧.૩૦ કરોડની સરખામણીમાં ૯.૨૪ ટકા વધારે છે.

નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯નાં પ્રથમ ત્રિમાસિક ગાળામાં શેરદીઠ આવક (ઈપીએસ) ૧.૨૯ ટકા વધીને શેરદીઠ રૂ. ૩.૧૮ થઈ હતી. અન્ય આવકોમાં ઘટાડો તથા ઘસારામાં વધારા (નોન-કેશ આઈટમ)ને કારણે ચોખ્ખા નફામાં વધારાની તુલના આવકોમાં વધારા સાથે કરવી અનુરૂપ નથી. કંપની ત્રિમાસિક ધોરણે સ્થિર પ્રદર્શન કરી રહી છે અને આશાસ્પદ રીતે આગળ વધી રહી છે. મનપસંદ બેવરેજીસ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ધીરેન્દ્ર સિંહે વધુમાં ઉમેર્યું હતું કે, જણાવ્યું હતું કે, જૂન મહિનામાં અમારા કારોબારને અસર થઈ હતી પરંતુ તમામ પડકાર વચ્ચે પણ અમે પ્રમાણમાં સારી કામગીરી બજાવી છે તેમજ વિસ્તરણ અને પ્રોડક્ટ ડેવલપમેન્ટ ઉપર અમારું ધ્યાન કેન્દ્રિત રાખ્યું છે.

કામગીરી હવે ફરીથી સામાન્ય થઈ ગઈ છે અને અમે અમારી વૃદ્ધિની યોજનાઓ બાબતે પૂર્ણ વિશ્વાસ ધરાવીએ છીએ. મનપસંદ આગામી નાણાકીય વર્ષ બાબતે વિશ્વાસથી ભરપૂર છે. અમે ક્વિક સર્વિસ રેસ્ટોરન્ટ્સ (ક્યુએસઆર), ફૂડ ચેઈન અને રિટેઈલર્સ મારફતે અમારી હાજરી વધારી ઉપભોક્તાઓ વચ્ચે અમારા ઉત્પાદનો માટે બ્રાન્ડની મજબૂત ઓળખ વિકસાવીશું. કંપની આગામી દિવસોમાં આ સમન્વયકારક વૃદ્ધિનો અભિગમ પણ અપનાવશે.

### સન એન્ડ સ્ટેપ કલબ વિસ્તારમાં દબાણો દૂર

# શહેરમાં આક્રમક ડિમોલિશન ડ્રાઇવ અકબંધ : લોકોમાં ચર્ચા

## કોર્પોરેશન તંત્રની આક્રમક કાર્યવાહીની પ્રશંસા : શહેરના ૨૫ મોડેલ રસ્તા ઉપર તંત્ર દ્વારા ડિમોલિશન ડ્રાઇવ શરૂ

અમદાવાદ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સત્તાવાળાઓ દ્વારા ગઈકાલે શહેરના પ્રસિદ્ધ લો ગાર્ડનનાં ખાણી પીણી બજારનો સફાયો કરી રોડ ખુલ્લો કરી દેવાતાં શહેરભરમાં ભારે ચર્ચા ચાલી હતી પરંતુ આજે વહેલી સવારથી અમ્યુકો તંત્રના એસ્ટેટ વિભાગના અધિકારીઓ જેસીબી મશીન, જરૂરી ટીમ અને પોલીસના બંદોબસ્ત સાથે શહેરના ઘાટલોડિયા, સત્તાધાર ચાર રસ્તા, હાટકેશ્વર, ઈસનપુર, કોટ વિસ્તાર સહિતના વિસ્તારોમાં મર્દાનગીભરી ડિમોલિશન ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. આ સાથે જ અમ્યુકોએ શહેરના ૨૫ મોડેલ રોડ પર ગેરકાયદે દબાણો અને બાંધકામને દૂર કરવાની ઓપરેશન ડિમોલિશનની કામગીરીનો પ્રારંભ કર્યો હતો. અમ્યુકો સત્તાવાળાઓએ પશ્ચિમ વિસ્તારમાં આવેલી સન એન્ડ સ્ટેપ કલબના ગેરકાયેદ પાર્કિંગ અને સ્થાનિક દબાણોને દૂર કરી રોડ ખુલ્લો કરાતાં ભારે ચકચાર મચી ગઈ હતી.

જેને લઈ આજે અમ્યુકોની મર્દાનગીભરી ડિમોલિશન ડ્રાઈવ શહેરભરમાં ટોક ઓફ ધ ટાઉન બની રહી હતી. તો, અમરાઈવાડીમાં નાગરવેલ હનુમાનજી મંદિર રોડ પર સૂરજ સ્ટીલ કોર્પોરેશનનો સ્ટીલના સળિયા બહાર ફુટપાથ રાખવા બદલ અમ્યુકો તંત્રએ સ્થળ પર જ એક લાખ રૂપિયાનો દંડ ફટકારતાં ચકચાર મચી ગઈ હતી. શહેરમાં લાખો રૂપિયાના ખર્ચે બનાવાયેલા ૨૫ જેટલા મોડલ રોડની ફૂટપાથ દબાણગ્રસ્ત બની ગઈ હોઈ અમ્યુકો તંત્ર દ્વારા આ તમામ મોડલ રોડનાં દબાણનો સફાયો કરવાની દિશામાં જબરદસ્ત ડિમોલિશન ડ્રાઈવ હાથ ધરાઈ છે. આજે શહેરના હાટકેશ્વરમાં લાલ બહાદુર શાસ્ત્રી રિંગ રોડ પરના મોડલ રોડના દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાતા સ્થાનિક લોકોના ટોળેટોળા જોવા માટે ઉમટી પડ્યા હતા. ગઈકાલે લો ગાર્ડન વિસ્તારમાં એનસીસી સર્કલથી ઠાકોરભાઈ દેસાઈ હોલવાળા ચાર રસ્તા સુધીના ૨૫૦ મીટર લાંબા રોડ પરના લો ગાર્ડન ખાણીપીણી બજાર સહિતની દબાણો દૂર કરી માર્ગ ખુલ્લો કરાતાં ભારે ચકચાર મચી ગઈ હતી. જે દરમિયાન ૬૭ જેટલી દબાણ ગાડી ભરીને માલ સામાન જપ્ત કરી મ્યુનિસિપલ ગોડાઉનમાં જમા કરાવાયો હતો. વર્ષ ૨૦૧૧ના સમયગાળામાં તત્કાલિન સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ભૂપેન્દ્ર પટેલ અને તત્કાલિન મ્યુનિસિપલ કમિશનર ગુરુપ્રસાદ મહાપાત્રા દ્વારા ઔડાની જૂની લિમિટના મોડલ રોડના આધારે શહેરમાં મોડલ રોડ તૈયાર કરવાનો નવતર પ્રયોગ હાથ ધરાયો હતો. જોકે મોડલ રોડ 'દબાણ મુક્ત' બનવો જોઈએ તેવી તેની પહેલી શરત હતી. તેમ છતાં એસ્ટેટ વિભાગના કેટલાક ભ્રષ્ટ સ્ટાફના કારણે તમામે તમામ મોડલ રોડની ફૂટપાથ પર લારી-ગલ્લાનાં દબાણ થયાં છે. ગઈ કાલે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શાસક ભાજપના સભ્યોએ સામૂહિક રીતે લો ગાર્ડનનાં ખાણી પીણી બજારનાં દબાણનો સફાયો કરવાની તંત્રની કામગીરીની પ્રશંસા કરવાની સાથે સાથે સામૂહિક રીતે મોડલ રોડ પરનાં દબાણની ફરિયાદ કરી હતી. જેને કમિશનર વિજય નહેરાએ ગંભીરતાથી લઈને સઘળા અધિકારીઓને શુક્રવારની સાંજ સુધીમાં તમામ દબાણ હટાવી દેવાની કડક સૂચના આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૧માં શહેરમાં ફેઝ-એક હેઠળ કુલ ૩૭.૧૦ કિ.મી. લંબાઈ કુલ સાત મોડલ રોડ બનાવાયા હતા. જેમાં નવા પશ્ચિમ ઝોનના પલ્લવ ચાર રસ્તાથી કર્ણાવતી મોટર્સ સુધીનો સાત કિ.મી.સુધીનો લાંબો રસ્તો તેમજ પશ્ચિમ ઝોનમાં ઉસ્માનપુરા ચાર રસ્તાથી પાસપોર્ટ ઓફિસ સુધીના ૩.૭૦ કિ.મી. લાંબા રસ્તાનો સમાવેશ થાય છે.

જ્યારે વર્ષ ૨૦૧૨માં ફેઝ-બે હેઠળ કુલ ૩૩.૯૫ કિ.મી. લંબાઈના કુલ ૧૮ મોડલ રસ્તા તૈયાર કરાયા હતા. જેમાં પશ્ચિમ ઝોનના નહેરુનગરથી ગુજરાત કોલેજ સુધીનો ૨.૨૦ કિ.મી. લંબાઈનો રસ્તો, આશ્રમ રોડના બાટા હાઉસથી સરદાર પટેલ બ્રિજ સુધીનો ૩.૪૫ કિ.મી. લંબાઈનો રસ્તો અને નવા પશ્ચિમ ઝોનમાં એસ.જી. હાઈવેથી હેલ્મેટ ચાર રસ્તા સુધીના રસ્તાનો સમાવેશ થાય છે. મોડલ રોડને દબાણમુક્ત બનાવવાની સાથે સાથે સુવ્યવસ્થિત ફૂટપાથ, કેટઆઈ, સેન્ટ્રલ વર્જ, રોડ પાર્કિંગ, ઝિબ્રા ક્રોસિંગ પર પટ્ટા વગેરેથી સુશોભિત કરવા એક કિ.મી.એ આશરે રૂ. ૫૦ લાખ મ્યુનિસિપલ તિજોરીમાંથી ખર્ચાયા હતા.

### મોદી અને યોગીને સાથ આપવાની જાહેરાત કરી

# લોકસભાની ચૂંટણી લડવાનો અમરસિંહે અંતે ઇનકાર કર્યો

## મોદી અને યોગી માટે આક્રમક પ્રચાર કરવા તેમજ બુઆ બબુઆને સાથ ન આપવાની અમરસિંહની સ્પષ્ટ જાહેરાત

લખનૌ,

રાજયસભા સાંસદ અમરસિંહના આઝમગઢમાંથી ચૂંટણી લડવાના અહેવાલને આખરે રદિયો મળી ગયો છે. અમરસિંહે પોતે આ અહેવાલને રદિયો આપ્યો છે. અમરસિંહે સાફ શબ્દોમાં કહ્યું છે કે, તેઓ કોઈપણ પ્રકારની ચૂંટણી લડવા જઈ રહ્યા નથી. જો કે, અમરસિંહે સાફ શબ્દોમાં કહ્યું છે કે, આવનાર લોકસભાની ચૂંટણીમાં તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તરફથી આક્રમક ચૂંટણી પ્રચાર કરશે. અમરસિંહે અખિલેશ યાદવને બબુઆ અને માયાવતીને બુઆ કહીને તેમને સમર્થન નહીં આપવાની જાહેરાત કરી હતી. તાજેતરમાં જ યોગી સરકારની ગ્રાઉન્ડ બ્રેકિંગ સેરેમની દરમિયાન અમરસિંહ કાર્યક્રમમાં પહોંચ્યા હતા. અમરસિંહની હાજરીને લઈને દિવસ દરમિયાન ચર્ચા રહી હતી. વડાપ્રધાન મોદીએ પણ પોતાના ભાષણ દરમિયાન વારંવાર અમરસિંહના નામનો ઉલ્લેખ કરીને વાત કરી હતી. સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીના વડા અને યુપીના કેબિનેટ મંત્રી ઓમપ્રકાર રાજભારે કહ્યું હતું કે, જો અમરસિંહ આઝમગઢમાંથી ૨૦૧૯માં ચૂંટણી લડવા ઈચ્છુક રહેશે તો તેમના ક્વોટા હેઠળ આવતી સીટને તેઓ ખુશીથી ઓફર કરશે. તેમણે ઉમેર્યું હતું કે, અમરસિંહ માટે દરવાજા હંમેશા ખુલ્લા છે.

આ સીટ પરથી હાલમાં સપા નેતા મુલાયમસિંહ યાદવ સાંસદ તરીકે છે. ઓમપ્રકાશ રાજભર દ્વારા સીટ ઓફર કરવાના અહેવાલ બાદ હવે અમરસિંહ આગામી લોકસભા ચૂંટણી લડશે તેવા અહેવાલ આવ્યા હતા.

આ સંદર્ભમાં આજે અમરસિંહે કહ્યું હતું કે, તમામ અટકળોનો અંત આવી ગયો છે. હાલમાં તેઓ સ્વતંત્રરીતે સાંસદ તરીકે છે. હાલમાં તેની ચાર વર્ષની અવધિ બાકી છે. આવી સ્થિતિમાં અવધિ છોડીને ચૂંટણી લડશે નહીં.

### સુપ્રીમ કોર્ટમાં પબ્લિક સેક્ટર કંપનીની ખાતરી

# આમ્રપાલી ગ્રુપના પ્રોજેક્ટો પૂર્ણ કરવા NBCC તૈયાર

## આમ્રપાલી ગ્રુપના પ્રોજેક્ટોમાં ઘર ખરીદવા ઇચ્છુક લોકો માટે સારા સમાચાર : વિગત આપવા સુપ્રીમ કોર્ટનો હુકમ

નવીદિલ્હી,

આમ્રપાલી ગ્રુપના પ્રોજેક્ટમાં ઘરખરીદનાર લોકો માટે સારા સમાચાર છે. કારણ કે, પબ્લિક સેક્ટરની કંપની નેશનલ બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન લિમિટેડ ટૂંક સમયમાં જ આમ્રપાલી ગ્રુપના અટકી પડેલા પ્રોજેક્ટોને ટેકઓવર કરી શકે છે. આજે ગુરુવારના દિવસે સુપ્રીમ કોર્ટમાં કંપની તરફથી આ વાત કરવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે, તે પ્રોજેક્ટોને પૂર્ણ કરવા માટે તૈયાર છે.

એનબીસીસીનું કહેવું છે કે, તે આમ્રપાલી ગ્રુપની કંપનીઓની યોજનાઓને હાથમાં લેવા માટે તૈયાર છે. આમ્રપાલીના પ્રોજેક્ટોને કઈરીતે પૂર્ણ કરવામાં આવશે તે અંગે ૩૦ દિવસની અંદર પ્રસ્તાવ રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે. અત્રે નોંધનીય છે કે, દેશની સુપ્રીમ કોર્ટે આમ્રપાલી ગ્રુપની તમામ ૪૦ કંપની અને તેમના ડિરેક્ટરોના બેંક ખાતા અને સંપત્તિ જપ્ત કરવાનો ગઈકાલે આદેશ જારી કરતા ખળભળાટ મચી ગયો હતો. ગઈકાલે મામલાની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કઠોર વલણ અપનાવીને આમ્રપાલી ગ્રુપની સામે આ કાર્યવાહી કરવાનો આદેશ કર્યો હતો.

કોર્ટે હ્યું હતું કે, આમ્રપાલી ગ્રુપ દ્વારા કોર્ટને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ થઈ રહ્યા છે. કોર્ટે કંપનીના ડિરેક્ટરોની સંપત્તિ જપ્ત કરવાનો પણ આદેશ કર્યો છે.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અરુણ મિશ્રા અને યુયુ લલિતની બેંચે આદેશ કર્યો હતો કે, ગ્રુપની તમામ ૪૦ કંપનીઓના ખાતા તરત સીઝ કરી દેવામાં આવે. સુપ્રીમ કોર્ટે શહેરી અને આવાસ મંત્રાલયના સચિવ અને નેશનલ બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન લિમિટેડના ચેરમેનને આવતીકાલે ઉપસ્થિત થવા આમ્રપાલીના પેન્ડિંગ પ્રોજેક્ટને પૂર્ણ કરવાના સંદર્ભમાં પગલા લેવા આદેશ કર્યા છે. કોર્ટે આમ્રપાલી ગ્રુપને કહ્યું છે કે, તે પોતાની તમામ કંપનીઓના એકાઉન્ટ મેનેજ કરનાર સીએની માહિતી પણ કોર્ટમાં રજૂ કરે.

### સેંસેક્સ કારોબારના અંતે ૩૭૧૬૫ની નીચી સપાટી ઉપર બંધ રહ્યો

# ટ્રેડવોરની દહેશત વચ્ચે સેંસેક્સમાં ૩૫૬ પોઇન્ટ સુધીનો મોટો ઘટાડો

## આરબીઆઈ દ્વારા રેપો અને રિવર્સ રેપોરેટમાં વધારો કરવામાં આવ્યા બાદ સતત બીજા દિવસે શેરબજારમાં મંદી રહી : નિફ્ટી ઓટો ઇન્ડેક્સમાં ઘટાડો

મુંબઈ,

શેરબજારમાં આજે તેજીનું મોજુ ફરી વળ્યું હતું. સતત બીજા દિવસે મંદી રહી હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રેપો અને રિવર્સ રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યા બાદ બેચમાર્ક ઈન્ડેક્સમાં ૧ ટકાનો ઘટાડો આજે રહ્યો હતો. આ ઉપરાંત ટ્રેડવોરની વધતી જતી દહેશતની અસર પણ જોવા મળી રહી છે. આજે કારોબારના અંતે બીએસઈ સેંસેક્સ ૩૫૬ પોઈન્ટ ઘટીને ૩૭૧૬૫ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો. જ્યારે બ્રોડર નિફ્ટી ૧૦૧ પોઈન્ટ ઘટીને ૧૧૨૪૫ની નીચી સપાટીએ રહ્યો હતો. વ્યક્તિગત શેરોમાં ભારતીય એરટેલના શેરમાં ૩.૨૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે મારુતિ સુઝુકીના શેરમાં ૨.૧૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં ૧.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. નિફ્ટી રિયાલીટી ઈન્ડેક્સમાં ૧.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં છ સભ્યોની મોનિટરી પોલિસી કમિટિની મિટિંગના પરિણામ ગઈકાલે બુધવારના દિવસે જાહેર કરવામાં આવ્યા હતા.જેના ભાગરૂપે રિઝર્વ બેંકે તેના ચાવીરુપ રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કર્યો હતો. આની સાથે જ રેપોરેટ વધીને ૬.૫૦ ટકા થઈ ગયો છે જે બે વર્ષની ઉંચી સપાટી છે.ફુગાવાને કાબૂમાં લેવાના હેતુસર આ પગલા લેવામાં આવી રહ્યા છે. રેપોરેટમાં સતત બીજી વખત વધારો કરવામાં આવ્યો છે. જૂન મહિનામાં રેપોરેટમાં ચાર વર્ષથી વધુ સમયગાળાની અંદર પ્રથમ વખત વધારો કરવામાં આવ્યો હતો તે વખતે રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો હતો. આની સાથે રેપોરેટ વધીને ૬.૨૫ ટકા થયો હતો. પોલિસી સમીક્ષાની બેઠકમાં રેપોરેટમાં વધુ ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો હતો. આની સાથે જ રેપોરેટ વધીને હવે ૬.૫૦ થઈ ગયો છે. આરબીઆઈએ તેના ભાગરુપે રેપોરેટની સાથે સાથે રિવર્સ રેપોરેટમાં પણ ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કર્યો હતો.આની સાથે જ આ દર વધીને ૬.૨૫ ટકા થયો હતો. આરબીઆઈની મોનિટરી પોલિસી કમીટીએ તમામ પાસાઓને ધ્યાનમાં લઈને રેટમાં વધારો કર્યો છે. કમિટિએ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં દેશના જીડીપી વૃદ્ધિદરનો અંદાજ ૭.૪ ટકા રહેવાની વાત કરી હતી.અત્રે નોંધનીય છે કે શેરબજારમાં ગઈકાલે પણ મંદીનું મોજુ ફરી વળ્યું હતું. રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરીને ૬.૫૦ ટકા કરી દેવામાં આવ્યા બાદ બેંચમાર્ક ઈન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યો હતો. બુધવારના દિવસે સેંસેક્સ ૮૫ પોઈન્ટ ઘટીને ૩૭૫૨૨ની નીચી સપાટી ઉપર રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૦ પોઈન્ટ ઘટીને ૧૧૩૪૬ની નીચી સપાટી ઉપર રહ્યો હતો. ત્રિમાસિક ગાળાના પરિણામ પણ હાલ જાહેર થઈ રહ્યા છે. આના ભાગરુપે નેસ્લે ઈન્ડિયા અને ટાઈટન કંપનીના પરિણામ શુક્રવારે જાહેર કરાશે. અમેરિકા દ્વારા શુક્રવારના દિવસે જુલાઈ મહિના માટેના ફાર્મ પેરોલના ડેટા પણ જાહેર કરવામાં આવનાર છે. હાલમાં જીએસટી કાઉન્સિલની અતિ મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં જુદી જુદી ચીજવસ્તુઓ અને સર્વિસ પર ચાર્જમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. જેની અસર સપ્તાહ દરમિયાન બજાર પર જોવા મળીહતી.હાલમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા જેમાં અનેક પ્રોડક્ટ ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. આ વસ્તુઓ પર ટેક્સના રેટમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.જે ચીજવસ્તુઓ ઉપર ટેક્સ સ્લેબ ઘટાડવામાં આવ્યા હતા તેમાં પેઈન્ટ્સ, લેધરની ચીજવસ્તુઓ, સ્ટોવ, ટેલિવિઝન, વોશિંગ મશીનનો સમાવેશ થાય છે. આ તમામ ઉપર રેટને ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો હતો. સેનેટરી નેપકિનને ટેક્સમુક્ત કરવાનો નિર્ણય કરાયો હતો. ૧૦૦૦ રૂપિયા સુધીના ફુટવેર અને ફર્ટિલાઈઝર ગ્રેડ ફોસ્ફોરિક એસિડ પર ટેક્સ રેટને ૧૨ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરાયો હતો.

### શરાબની બોટલો જપ્ત : ઉંડી તપાસનો દોર

# બિહારમાં શેલ્ટર હોમમાંથી કોન્ડોમ, ડ્રગસનો જથ્થો જપ્ત

## શેલ્ટર હોમની બાળકીઓની જેમ મહિલાઓ સાથે દુષ્કર્મ થયું છે કે કેમ તેને લઇને બિહાર પોલીસની ઉંડી ચકાસણી

મુઝફ્ફરપુર,બિહારના મુઝફ્ફરપુરમાં શેલ્ટર હોમની બાળકીઓ સાથે બળાત્કારની સનસનાટીપૂર્ણ ઘટનાના મામલામાં ઉંડી તપાસનો દોર ચાલી રહ્યો છે. બુધવારના દિવસે અહીંના એક શેલ્ટર હોમની તપાસમાં મોટા પ્રમાણમાં કોન્ડોમનો જથ્થો, ડ્રગ્સ અને શરાબની બોટલો જપ્ત કરવામાં આવી હતી. આ શેલ્ટર હોમ ગૃહથી ૧૧ મહિલાઓ લાપત્તા થવાના મામલામાં પોલીસ દ્વારા ઉંડી તપાસ કરવામાં આવી રહી છે. મોટાપ્રમાણમાં વાંધાજનક ચીજવસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. બિહાર પોલીસ હવે આ બાબતમાં માહિતી મેળવવાના પ્રયાસ કરી રહી છે કે,

શેલ્ટર હોમના બાળકોની

### ઇંગ્લેન્ડ તરફથી રુટના ૮૦, બેરશોના ૭૦ રન

# પ્રથમ ટેસ્ટ મેચ : ઇંગ્લેન્ડ માત્ર ૨૮૭ રન બનાવી

## ભારત તરફથી અશ્વિને તરખાટ મચાવી ૬૨ રન આપીને ચાર વિકેટ ઝડપી : ભારતીય બોલરોનો શાનદાર દેખાવ

બર્મિંગ્હામ,

બર્મિંગ્હામ ખાતે શરૂ થયેલી પાંચ ટેસ્ટ મેચોની શ્રેણીની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે ઈંગ્લેન્ડની ટીમ આજે ૨૮૭ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. પ્રથમ દિવસના સ્કોરથી આગળ રમતા ઈંગ્લેન્ડની ટીમ આજે કોઈ વધારે રન ઉમેરી શકી ન હતી અને ૨૮૭માં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી અશ્વિને ૬૨ રન આપીને ચાર વિકેટ અને સામીએ ૬૪ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. પ્રથમ દિવસે યજમાન ઈંગ્લેન્ડનો દેખાવ કંગાળ રહ્યો હતો. ઈંગ્લેન્ડની ટીમે પ્રથમ દિવસે નવ વિકેટ ગુમાવીને ૨૮૫ રન કર્યાહતા. આજે ઈંગ્લેન્ડની ટીમ ગઈકાલના સ્કોરમાં માત્ર બે રન જ ઉમેરી શકી હતી. ઈંગ્લેન્ડ તરફથી કેપ્ટન રુટે સૌથી વધારે ૮૦ રન કર્યા હતા જેમાં નવ ચોગ્ગાનો સમાવેશ થાય છે. જ્યારે બેરશો ૭૦ રન કરી આઉટ થયો હતો. ભારતીય ટીમનો દેખાવ શાનદાર રહ્યો હતો. ભારત તરફથી ધારણા પ્રમાણે જ સ્પીનર અશ્વિને સૌથી વધુ ચાર વિકેટ ઝડપી હતી. આ ટેસ્ટમાં ભારતનો દેખાવ પ્રથમ દિવસે શાનદાર રહ્યો હતો. હવે ભારતીય બેટ્સમેનો પર આધાર રહેશે. બીજી બાજુ વિરાટ કોહલીના અંતિમ ઈલેવનમાં ચેતેશ્વર પુજારા જેવા આધારભુત બેટ્સમેનને સામેલ ન કરાતા તમામને આશ્ચર્ય થયુ હતુ. સાથે સાથે કોહલીના આ નિર્ણય અંગે નારાજગી વ્યક્ત કરી હતી. આ ટેસ્ટ શ્રેણીમાં સૌથી વધારે રન કોણ બનાવે છે તેના પર નજર રહેશે.

બીજી બાજુ પાંચ ટેસ્ટ મેચોની શ્રેણીમાં સૌથી વધારે વિકેટ કોણ મેળવે છે તેના પર પણ નજર રહેશે. ભારતીય ટીમ વિરાટ કોહલીના નેતૃત્વમાં જોરદાર તૈયારી છેલ્લા કેટલાક દિવસથી કરી રહી હતી.બોલિંગમાં તમામની નજર એન્ડરસન પર કેન્દ્રિત રહેશે. હાલમાં જ પુરી થયેલી ત્રણ વનડે મેચોન શ્રેણીમાં ઈંગ્લેન્ડે ૨-૧થી જીત મેળવી હતી તે પહેલા ત્રણ મેચોની ટ્વેન્ટી

લોકસભામાં ભાજપ અને કોંગ્રેસના સભ્યો આમને સામને

# એસસી-એસટી એક્ટ પર સુપ્રીમ કોર્ટના ચુકાદાને લઇને તીખી ચર્ચા

## એસસી-એસટી એક્ટ પર વટહુકમ લાવવા મોદી સરકાર ઉપર કોંગ્રેસ તરફથી દબાણ : વર્તમાન સત્રમાં જ બિલ લાવવા માટે રાજનાથસિંહે આપેલી ખાતરી

નવીદિલ્હી,

લોકસભામાં એસસી અને એસટી એક્ટને લઈને સુપ્રીમ કોર્ટના નિર્ણય મુદ્દે આજે આક્રમક અને ગરમાગરમ ચર્ચા થઈ હતી. સામ સામે આક્ષેપબાજીનો દોર ચાલ્યો હતો.

કોંગ્રેસે મોદી સરકાર ઉપર આક્ષેપ કર્યો હતો કે, આ ગાળા દરમિયાન સરકારે તમામ વટહુકમ પસાર કરાવ્યા છે પરંતુ દલિતો અને આદિવાસીઓના હિત અને તેમની સુરક્ષા કરનાર એક્ટની મજબૂતી ઉપર વટહુકમ લાવી શકાયો નથી. અલબત્ત સરકાર તરફથી પણ કહેવામાં આવ્યું હતું કે, કેબિનેટે આના ઉપર બિલ પસાર કરી દીધું છે અને આને આ સપ્તાહમાં જ પસાર કરવામાં આવશે. એસસી અને એસટી એક્ટ ઉપર વટહુકમ લાવવા કોંગ્રેસે રજૂઆત કરી હતી જયારે રાજનાથસિંહે ખાતરી આપી હતી કે, વર્તમાન સત્રમાં જ આને પાસ કરવામાં આવશે. આજે કોંગ્રેસના સાંસદ મલ્લિકાર્જુન ખડગે દ્વારા લોકસભામાં એસસી અને એસટી એક્ટનો મુદ્દો ઉઠાવ્યો હતો. ખડગેએ કહ્યું હતું કે, સરકાર દ્વારા આ ગાળા દરમિયાન અનેક વટહુકમ લાવવામાં આવ્યા છે પરંતુ એસસી અને એસટી એક્ટ ઉપર કોઈ વટહુકમ કેમ લાવવામાં આવ્યા નથી. સરકારે આ અંગે ખુલાસો કરવો જોઈએ. ખડગેએ ઉમેર્યું હતું કે, આ વર્ગના લોકો ઉપર દેશમાં દર ૧૫ મિનિટે અત્યાચાર કરવામાં આવે છે. આ વટહુકમ વહેલીતકે લાવવાના પ્રયાસ કરવા જોઈએ. આના પર બિલ રજૂ કરવાની માંગ કરવામાં આવી હતી.

સરકાર સમક્ષ માંગ કરતા કહ્યું હતું કે, આના ઉપર વટહુકમ લાવવામાં આવશે તો સર્વસંમતિથી પસાર કરવામાં આવશે. મોદી સરકાર તરફથી જવાબ માટે ઉભા થયેલા રાજનાથસિંહે કહ્યું હતું કે, ખડગે દ્વારા જે પ્રશ્નો ઉભા કરવામાં આવ્યા છે તેનાથી આશ્ચર્ય થયું છે. ગૃહમંત્રીએ કહ્યું હતું કે, તેમને કદાચ આ અંગેની માહિતી છે કે, મોદી કેબિનેટ દ્વારા આ બિલને મંજુર કરી દેવામાં આવ્યું છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, એસસી અને એસટી એક્ટ પર સુપ્રીમ કોર્ટના ચુકાદાથી એ પ્રકારનો સંદેશો ગયો હતો કે, એક્ટને કમજોર કરવાનું કામ કરવામાં આવ્યું છે. મોદીએ વચન આપ્યું હતું કે, આને કમજોર કરવામાં આવશે નહીં. રાજનાથસિંહે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના આદેશ બાદ વડાપ્રધાને સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જરૂર પડશે તો આનાથી પણ વધારે કઠોર બિલ લાવવામાં આવશે. ખડગેના પ્રશ્નનો જવાબ આપતા રાજનાથસિંહે કહ્યું હતું કે, આ બિલને વર્તમાન સત્રમાં જ પાસ કરવામાં આવશે. કેન્દ્રીય પ્રધાનમંડળે બુધવારના દિવસે જ એસસી અને એસટી એક્ટની મૂળભૂત જોગવાઈને ફરી સ્થાપિત કરવા સંબંધિત બિલની દરખાસ્તને મંજુરી આપી હતી. આને વર્તમાન સંસદ સત્રમાં જ પાસ કરાવવાની તૈયારી કરવામાં આવી છે.

આ પહેલા એનડીએના અનેક ઘટક પક્ષો આ મુદ્દા ઉપર ખુબ આક્રમક વલણ અપનાવી ચુક્યા છે. રામવિલાસ પાસવાનની પાર્ટી એલજેપીએ તો આંદોલનની ધમકી પણ આપી દીધી હતી. આ મામલા પર કેન્દ્ર સરકારની સામે દલિત સંગઠનો દ્વારા ભારત બંધની હાકલ પણ કરવામાં આવી હતી. બીજી એપ્રિલના દિવસે ભારત બંધ દરમિયાન વ્યાપક હિંસા થઈ હતી. ભાજપના પણ કેટલાક દલિત સાંસદોએ આ મુદ્દાને પાર્ટીની અંદર જોરદારરીતે ઉઠાવ્યો હતો. મોદી સરકાર એસસી-એસટી એક્ટને લઈને ખુબ જ ગંભીર દેખાઈ રહી છે.

---

હોસ્પિટલમાં પણ પાણી ભરાતા દર્દીઓ મુશ્કેલીમાં

# યુપી : બહરાઇચમાં ભારે વરસાદ, જનજીવન ઠપ્પ

## નગરપાલિકાની લાપરવાહીના લીધે સ્થિતિ વધારે વણસી યુપીના ૭૨ જિલ્લાઓમાં છેલ્લા એક મહિનામાં વરસાદ

બહરાઈચ,

ઉત્તરપ્રદેશમાં બહરાઈચ જિલ્લામાં બુધવાર મોડી રાતથી અવિરત વરસાદ પડી રહ્યો છે જેના પરિણામ સ્વરુપે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. જિલ્લા હોસ્પિટલ, મહિલા હોસ્પિટલ, પેથોલોજી, ઈમરજન્સી સહિત સમગ્ર હોસ્પિટલમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. નગરપાલિકાની લાપરવાહીના લીધે જળબંબાકારની સ્થિતિ છે. ઓવરફ્લોની સ્થિતિ પણ સર્જાઈ ગઈ છે. ઉત્તરપ્રદેશના ૭૨ જિલ્લામાં એક જુલાઈથી લઈને પહેલી ઓગસ્ટ વચ્ચેના ગાળામાં ભારે વરસાદ થયો છે. આ ગાળા દરમિયાન ૧૫૪ લોકોના મોત થઈ ચુક્યા છે અને ૧૩૧ લોકો ઘાયલ થયા છે. ૧૮૭ પશુઓના પણ મોત થયા છે.

૧૨૫૯ ઘરને નુકસાન થયું છે. બહરાઈચની સાથે સાથે પૂર્વીય ઉત્તરપ્રદેશ અને અવધ પટ્ટામાં પણ ભારે વરસાદ થયો છે જેના પરિણામ સ્વરુપે એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ઘાઘરા નદીમાં પાણીની સપાટી અવિરતપણે વધી રહી છે જેના પરિણામ સ્વરુપે નદીના કિનારે ગાબડા પડી ગયા છે. ગાબડાની સ્થિતને રોકવા માટે તંત્ર દ્વારા યુદ્ધસ્તરે પગલા લેવામાં આવી રહ્યા છે. વહીવટીતંત્ર દ્વારા એલર્ટ જારી કરીને બંધ સાથે જોડાયેલા ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત ખસેડી લેવાના આદેશ જારી કર્યા છે. ગ્રામીણ વિસ્તારોને સુરક્ષિત સ્થળે લઈ જવા માટે ઝડપી કામગીરી થઈ રહી છે. સાથે સાથે બંધની નજીક ન જવા માટે પણ કહેવામાં આવ્યું છે. ફૈઝાબાદ જિલ્લામાં બંધના સકંજામાં આવવાથી ૧૭ ગામમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. સોહવલ, રુદૌલી તાલુકા વિસ્તારમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. સરયુ નદીમાં પાણીની સપાટી અતિઝડપથી વધી રહી છે. બંધ ઉપર પાણી છોડવામાં આવ્યા બાદ અયોધ્યામાં પણ પાણીની સપાટી વધી શકે છે જેના પરિણામ સ્વરુપે પુરની સ્થિતિ સર્જાઈ શકે છે. ૩૪ વર્ષ પહેલા જિલ્લાના ઈશોલી ગામમાં ગોમતી નદી ઉપર પુલ ધરાશાયી થઈ જતાં ભારે નુકસાન થયું હતું. એન્જિનિયરોની ટીમ ફરી એકવાર પહોંચી ચુકી છે

અને નિરીક્ષણની કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉત્તરપ્રદેશમાં છેલ્લા ઘણા સમયથી ભારે વરસાદ અને આંધી તોફાનની સ્થિતિ સર્જાઈ છે જેના પરિણામ સ્વરુપે ભારે નુકસાન પણ થયું છે. ૭૨ જિલ્લાઓમાં જુલાઈથી ઓગસ્ટ સુધીના ગાળામાં ભારે વરસાદથી ૧૫૪ લોકોના મોત થઈ ચુક્યા છે.

---

રિપોર્ટિંગ કરી રહેલા મિડિયાને પણ સાવધાન રહેવા સૂચના

# બિહાર શેલ્ટર હોમ રેપમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર, બિહારને નોટિસ આપી

## બાળકીઓના ફોટાઓ અને ઇન્ટરવ્યુ પ્રકાશિત ન કરવા મિડિયાને પણ સ્પષ્ટ સૂચના આપવામાં આવી : હેવાનિયતવાળા કાંડમાં સુપ્રીમ કોર્ટ ખુબ જ ગંભીર

નવીદિલ્હી, બિહારના મુજફ્ફરપુરમાં બાળા ગૃહની બાળકીઓ સાથે સનસનાટીપૂર્ણ રેપના મામલે હવે સુપ્રીમ કોર્ટે પણ ગંભીર નોંધ લીધી છે. ગુરૂવારે આજે સુપ્રીમ કોર્ટે આ મામલાને ગંભીરતાની સાથે લઈને બાળકીઓની સાથે થયેલા અત્યાચારના મામલે કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, બિહાર સરકાર અને તાતા ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશિયલ સાયન્સને નોટિસ ફટકારી હતી. સુપ્રીમ કોર્ટે આ કેસમાં રિપોર્ટિંગના મામલે મિડિયા માટે પણ કેટલાક ખાસ આદેશો જારી કર્યા છે. આ સમગ્ર મામલામાં પટણામાં એક વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના આધાર પર આ નોટિસ ફટકારવામાં આવી છે. સુપ્રીમ કોટસમગ્ર ઘટનાને આઘાતજનક ગણાવીને ટાટા ઈન્સ્ટીટયુટ ઓફ સોશિયલ સાઈન્સને સમગ્ર રિપોર્ટ રજૂ કરવા માટેનો આદેશ જારી કર્યો છે. મિડિયાને પણ કેટલીક સ્પષ્ટ સલાહ આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ છે કે બાળકીઓના ફોટો કોઈ કિંમતે સપાટી પર આવવા જોઈએ નહી. આ ઉપરાંત કોઈ પણ પિડિતાના ઈન્ટરવ્યુ પણ આવવા જોઈએ નહી. સુપ્રીમ કોર્ટે હૈવાનિયત વાળા આ કાંડમાં એડવોકેટ અપર્ણા ભટ્ટને એમિકસ ક્યુરી તરીકે નિમવા માટેની પણ જાહેરાત કરી છે. સીબીઆઈ દ્વારા સમગ્ર મામલામાં તપાસ કરવામાં આવી રહી છે. માત્ર બિહારમાં જ નહીં બલ્કે દેશમાં શેલ્ટર હોમમાં હૈવાનિયતની ઘટનાઓ સપાટી પર આવ્યા બાદ આને લઈને નારાજગીનુ મોજુ ફરી વળ્યુ છે. બિહારમાં માનવતા શરમજનક સ્થિતિમાં મુકી દેનાર ઘટનાઓને લઈને રાજકીય ઘમસાણની સ્થિતિ જારી છે. મુઝફ્ફરપુર મામલા પર આજે બિહારમાં સ્થિતિ તંગ રહી હતી. સીબીઆઈ દ્વારા આ સમગ્ર મામલામાં તપાસ શરૂ કરવામાં આવી ચુકી છે.

સીબીઆઈએ કહ્યું છે કે, સગીર યુવતીઓ સાથે બાળા ગૃહના કર્મચારીઓ દ્વારા બળાત્કાર ગુજારવાના મામલામાં ઉંડી ફોરેન્સિક તપાસ કરવામાં આવનાર છે. સીએફએસએલની એક ટીમ ટૂંક સમયમાં મુઝફ્ફરપુર જઈને આશ્રમ રોડથી ફોરેન્સિક નમૂના એકત્રિત કરશે. અધિકારીઓએ કહ્યુ છે કે, પીડિતાઓના નિવેદનોનો ઉપયોગ કરીને ઉંડી તપાસ કરવામાં આવશે. અપરાધને કઈ રીતે અંજામ આપવામાં આવ્યા છે તેમાં પણ તપાસ ચાલી રહી છે. આ સંદર્ભમાં માહિતી એકત્રિત કરવામાં આવ્યા બાદ કેસ ચલાવવા માટે તેનો ઉપયોગ કરાશે. સીબીઆઈ ભોગ બનેલી સગીરાઓના નિવેદન નોંધવા માટે મનોવૈજ્ઞાનિક મદદ લઈ રહી છે. કેટલાક પીડિતાઓની વય માત્ર છથી સાત વર્ષની છે. એવા આક્ષેપ છે કે, બિહાર સરકાર દ્વારા પણ તપાસ કરવામાં આવી રહી છે. આશ્રમ રોડની આશરે ૩૦ સગીરાઓ સાથે બળાત્કાર ગુજારવાનો મામલો ખુબ જ ગંભીર બની ગયો છે. મુંબઈ સ્થિતિ તાતા ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશિયલ સાયન્સ તરફથી એપ્રિલ મહિનામાં બિહાર સરકારના સામાજિક કલ્યાણ વિભાગ તરફથી એક રિપોર્ટ સોંપવામાં આવ્યો હતો જેમાં પ્રથમ વખત આશ્રમ ગૃહમાં રહેતી યુવતીઓ સાથે રેપની બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ મામલામાં ૩૧મી મેના દિવસે બ્રજેશ ઠાકુર સહિત ૧૧ લોકોની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. હવે સીબીઆઈ આ સમગ્ર મામલામાં તપાસ પોતાનીરીતે ચલાવી રહી છે. બીજી બાજુ પીઆઈબી દ્વારા મુઝફ્ફરપુર આશ્રમ ગૃહ દુષ્કર્મના મામલામાં મુખ્ય આરોપી બ્રજેશ કુમારની પ્રેસ માન્યતા રદ કરી દેવામાં આવી છે. પીઆઈબી તરફથી સંબંધિત વિભાગને પણ કહેવામાં આવ્યું છે કે, પીઆઈબી કાર્ડના આધાર પર બ્રજેશ જે સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે તે પરત ખેંચી લેવામાં આર્વે

---

સુરક્ષા કર્મીઓ સાથે દેખાવકારોની ઝપાઝપી

# મુઝફ્ફરપુર રેપ : બિહાર બંધ વેળા ભારે હિંસા, ટ્રેનો રોકાઇ

## મુખ્યમંત્રી નીતિશકુમારના રાજીનામાની માંગ : ૩૪ યુવતી સાથે રેપના અહેવાલ બાદ બિહારમાં

પટણા, બિહારના મુજફ્ફરપુરના શેલ્ટર હોમમાં યુવતિઓની સાથે રેપની ઘટનાના કારણે બિહારની રાજનીતિમાં હવે ભૂકંપની સ્થિતી સર્જાઈ ગઈ છે. આ મામલામાં લેફ્ટ પાર્ટિઓના નેતૃત્વમાં આજે બિહાર બંધની હાકલ કરવામાં આવ્યા બાદ સ્થિતી વણસી ગઈ હતી. બંધને આરજેડી અને કોંગ્રેસના લોકોએ પણ સમર્થન આપ્યુ છે. લેફ્ટ પાર્ટીઓ શેલ્ટર હોમ મામલામાં મુખ્યપ્રધાન નીતિશ કુમારના રાજીનામાની માંગ કરી રહી છે. બંધના કારણે પટણામાં તમામ સ્કુલોને બંધ કરવામાં આવી હતી.

પ્રદેશની કેટલીક જગ્યાએ ટ્રેનો રોકવામાં આવી હતી. મુજફ્ફરપુરના બાલિકા ગૃહમાં ૩૪ યુવતિઓની સાથે રેપના હેવાલ બાદથી રાજયમાં રાજકીય ઘમસાણની સ્થિતી છે. વિપક્ષ દળો રાજ્ય સરકાર પર સતત પ્રહારો કરી રહી છે. બીજી બાજુ બંધ દરમિયાન પાટનગર પટણામાં સુરક્ષા કર્મચારીઓ અને દેખાવકારો વચ્ચે ઝપાઝપી થઈ હતી. પટણામાં સ્કુલ સાવચેતીના પગલા રૂપે બંધ રાખવામાં આવી હતી.

બીજી બાજુ જહાનાબાદ, મધુબાની અને દરભંગામાં ટ્રેનો રોકવામાં આવી હતી. દરમિયાન આરજેડી નેતા તેજસ્વી કુમારે મુખ્યપ્રધાન નીતિશ કુમાર પર તેજાબી પ્રહરો કર્યા છે. તેમણે કહ્યુ કે અમે નીતિશ કુમારને નિવેદન કરવાની ફરજ પાડીશુ.

તેમની કુંભકર્ણની ઉંઘને અમે ભગાડીને જ માનીશુ. તેઓ હાલમાં અપરાધિક મૌન પાળી રહ્યા છે. તેની દેખાવવા પુરતી નૈતિકતા લોકોની સામે આવી ગઈ છે. પોલીસે ૪૪ યુવતિઓના નિવેદન દાખલ કર્યા હતા. સીબીઆઈ દ્વારા સમગ્ર મામલે ઉંડી તપાસ હાથ ધરી છે. હાલમાં મેડીકલ તપાસમાં ઓછામાં ઓછી ૩૪ બાળકીઓ સાથે રેપના હેવાલને સમર્થન મળ્યુ છે. હજુ પણ ચોંકાવનારી વિગત સપાટી પર આવી શકે છે. બીજી બાજુ પોલીસે ૪૪ યુવતીઓના નિવેદન પણ નોંધી દીધા બાદ વધુ તપાસ હાથ ધરી છે. ૨૦૧૦થી લઈને ૨૦૧૮ વચ્ચેના ગાળામાં બ્રજેશ ઠાકુરના એનજીઓ અને અખબારને મળેલા ફંડની વિગતો રાજ્ય સરકાર પાસેથી માંગી છે. આની વિગત આવ્યા બાદ સીબીઆઈ એવા અધિકારીઓની પણ પુછપરછ કરી શકે છે જે લોકોએ આ ફંડ આપવામાં ભૂમિકા અદા કરી છે.

બીજી બાજુ મુઝફ્ફરપુર શેલ્ટર હોમમાં બાળકીઓ સાથે દુષ્કર્મના મામલામાં સીબીઆઈ તપાસમાં લાગી ગઈ છે. સંસદ સુધી આ મામલો પહોંચ્યો છે. બીજી બાજુ હવે આ મામલામાં રાજ્યપાલ સતપાલ મલિકે પણ ચિંતા વ્યક્ત કરી છે. રાજ્યપાલે મુખ્યમંત્રી, ચીફ જસ્ટિસ, કેન્દ્રીય કાયદામંત્રીને લખેલા પત્રમાં પ્રદેશમાં સંચાલિત તમામ શેલ્ટર ગૃહ પર નજર રાખવા સૂચના આપી છે.

---

આઈસીઆઈસીઆઈ દ્વારા સ્પષ્ટતા

# ચંદા કોચર સામે આક્ષેપ બાદ વેપારને અસર થઇ

મુંબઈ,ખાનગી બેંક આઈસીઆઈસીઆઈ બેંકે કહ્યું છે કે, તેના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર ચંદા કોચર સામે કરવામાં આવેલા આક્ષેપોની બિઝનેસ ઉપર પ્રતિકુળ અસર થઈ શકે છે. યુએસ માર્કેટ રેગ્યુલેટર સિક્યુરિટી એન્ડ એક્સ કમિશન સમક્ષ ફાઈલિંગમાં આ પ્રકારની વાત કરવામાં આવી છે.

ચંદાકોચર હાલમાં હિતોના સંઘર્ષના આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. વિડિયોકોન ગ્રુપને લોન આપવાના મામલામાં તરફેણવાળુ વર્તન અપનાવવાનો તેમના ઉપર આક્ષેપ થયેલો છે. બેંક ફાઈલિંગમાં જણાવવામાં આવ્યું છે કે, તપાસના મામલામાં જોખમ વધી ગયા છે. બેંકને પણ આને લીધે અસર થઈ રહી છે. આવી સ્થિતિમાં કારોબારને પણ હજુ અસર થઈ શકે છે. માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા પણ મે ૨૦૧૮માં ચંદા કોચર અને બેંકને કારણદર્શક નોટિસ જારી કરી હતી.

બેંક દ્વારા આ મામલામાં જવાબની તૈયારી કરવામાં આવી રહી છે. આક્ષેપથી ખળભળાટ મચી ગયો છે.

---

# ખેડૂતોના હિતમાં ભાજપની રાજય સરકારનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણયઃઆવકારતા કમલેશ મિરાણી

## શહેરી વિસ્તારમાં આવેલી ખેતીની જમીનો ઉપર મુળ ક્ષેત્રફળના આધારે જે પ્રિમીયમ લેવામાં આવે છે,તે મળવાપાત્ર ક્ષેત્રફળના આધારે લેવામાં આવવાથી તેઓને ભરવાની થતી પ્રિમીયમની રકમમાં ખેડુતોને રાહત થશે

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી દેવાંગ માંકડ,જીતુ કોઠારી, કિશોર રાઠોડે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી નિર્ણાયક, પ્રગતિશીલ, પારદર્શક અને પ્રગતિશીલ રાજય સરકાર ધ્વારા ખેડુતનો હિતમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણયને આવકારતા જણાવ્યું છે કે હાલમાં શહેરી વિસ્તારમાં જયારે અરજદાર તેની ખેતીની જમીન બીન ખેતી કરવા અંગે દરખાસ્ત કરે ત્યારે ખેતીથી ખેતી હેતુ માટે સર્વે નંબરમાં દર્શાવેલ મુળ ક્ષેત્રફળ મુજબ ખેતીથી ખેતીનું પ્રિમીયમ લેવામાં આવે છે ત્યારે શહેર વિસ્તારમાં સામાન્યતઃ જાહેર સુવિધાઓ જેવી કે રસ્તા, ગટર, પાણી પુરવઠા, લાઈટ માટે ઉપયોગમાં લેવામાં આવતી ૪૦ ટકા જેટલી જમીનની કપાત કરવામાં આવે છે, આથી શહેરી વિસ્તારમાં અરજદાર પાસે ૬૦ ટકા જેટલી જ જમીન ભોગવટા માટે રહેતી હોય છે, આથી ખેતીથી બીનખેતીનું જે પ્રિમીયમ વસુલ લેવામાં આવે છે તેમાં જાહેબ માળ ખાકીય સુવિધાઓ માટે ૪૦ ટકા જમીનની કપાત બાદ કરીને વધતી ૬૦ ટકા જેટલી જમીન ઉપર બીનખેતીનું પ્રિમીયમ વસુલવામાં આવે છે. ત્યારે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજયની ભાજપા સરકારના લોકાભિમુખ વહીવટના ભાગરૂપે શહેરી વિસ્તારમાં જયાર અરજદાર પોતાની જમીન બીનખેતી કરવા દરખાસ્ત કરે તે સમયે જો ખેતીથી ખેતીનું પ્રિમીયમ વસુલવાનું થતું હોય તો તેવા કિસ્સામાં શહેરી વિસ્તારમાં આવેલી ખેતીની જમીનો ઉપર મુળ ક્ષેત્રફળના આધારે જે પ્રિમીયમ લેવામાં આવે છે, તે મળવાપાત્ર ક્ષેત્રફળના આધારે લેવામાં આવવાથી તેઓને ભરવાની થતી પ્રિમીયમની રકમમાં આશરે ૪૦ ટકા જેટલો ઘટાડો થવાથી ખેડુતોને રાહત થશે તેમ અંતમાં કમલેશ મિરાણી, દેવાંગ માંકડ, જીતુ કોઠારી, કિશોર રાઠોડે આ નિર્ણયને આવકારી રાજયની ભાજપ સરકારને અભિનંદન પાઠવતા જણાવ્યું હતુ.

---

ભાજપના ૮૦ સભ્યો ઝારખંડમાં પહોંચી ગયા

# બંગાળમાંથી ભાજપના ગ્રામ પંચાયતના સભ્યો ફરાર ગયા

જમશેદપુર,

ભારતીય જનતા પાર્ટીના સ્થાનિક એકમે પોતાના આશરે ૮૦ ગ્રામ પંચાયત સભ્યોને છત અને સુરક્ષા આપવાનો નિર્ણય કર્યો છે. એવો આરોપ મુકવામાં આવ્યો છે કે આ તમામને તેમના જ ગામથી પડોશી રાજય પશ્ચિમ બંગાળની સત્તાધારી પાર્ટી તૃણમુળ કોંગ્રેસના સભ્યો દ્વારા બહાર કરી દેવામાં આવ્યા છે. ભાજપના કાર્યકર સમીર મહંતીએ કહ્યુ છે કે ગ્રામ પંચાયત સભ્યોને અગ્રસેન ધર્મશાળા અને નયા બજાર ધર્મશાળામાં રાખવામાં આવ્યા છે. આ તમામ પશ્ચિમ બંગાળના નયાગ્રામ, ગોપીવલ્લભપુર, બોલિયાબેરા, શાલબોની અને બીનપુરના છે. પશ્ચિમ બંગાળના ઝારગ્રામમાંથી ભાજપના નેતા અબાની ઘોષે કહ્યુ છે કે ટીએમસીના લોકો અમને ધમકી આપી રહ્યા છે કે ગ્રામ પ્રધાન માટે અમે તેમના ઉમેદવારને સમર્થન આપીએ. આ લોકો સામાન્ય રીતે રાત્રે તેમના ઘરમાં ઘુસી આવે છે. સાથે સાથે ધમકી આપે છે.

જો તેમના ઉમેદવારોનુ સમર્થન કરવામાં નહીં આવે તો તેઓ અમને છોડશે નહીં તેવી ધમકી આપવામાં આવી રહી છે. ભાજપના નેતાએ કહ્યુ છે કે પ્રધાન માટે ચૂંટણી મધ્ય ઓગષ્ટ સુધી ચાલનાર છે. ઝારગ્રામમાંથી વધુ પંચાયત સભ્યો ઝારખંડ પહોંચી શકે છે.

મે મહિનામાં પંચાયત ચૂંટણી થયા બાદ ભારતીય જનતા પાર્ટીની સ્થિતી મજબુત થઈ રહી છે. ચૂંટાયેલા સભ્યો ઝારખંડમાં આશ્રય લઈ રહ્યા છે. ટીએમસીના લોકો સતત હિંસા અને દહેશત ફેલાવી રહ્યા છે. પંચાયત ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં

### ગાંધીનગરમાં પોલીસ વડાઓ સાથે રૂપાણીની બેઠક

# કાયદો અને વ્યવસ્થા રાજ્ય સરકારની ઉચ્ચ પ્રાથમિકતા

## સંયુક્ત કોન્ફરન્સના પ્રારંભમાં નિવેદન : ઝિરો ટોલરન્સથી પેશ આવી તમામ ગુનેગારોની હિંમતને

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે રાજ્યની સતત અવિરત વિકાસ યાત્રાના મૂળમાં કાયદો-વ્યવસ્થાની સુદ્રઢ સ્થિતિની સરકારની ટોપ પ્રાયોરીટીની પ્રતિબદ્ધતા છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, ભૂતકાળમાં ગુજરાતે કાયદો વ્યવસ્તાની કથળેલી સ્થિતિ, ગુનેગારો-અસામાજિક તત્વોના પ્રભાવથી થરથરતા ઈલાકા વગેરેને લીધે ઘણું સહન કર્યું છે. હવે સમય બદલાયો છે અને ભારતની આર્થિક પ્રગતિમાં ગુજરાત ગ્રોથ એન્જિન બન્યું છે તેમાં શાંતિ, સલામતી અને સુરક્ષા દાયિત્વ નિભાવતા પોલીસ દળની જવાબદારી પણ વિશેષ બની છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીએ રાજયના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, રેંજ આઈજી, જિલ્લા પોલીસ અધિક્ષકોની સંયુક્ત કોન્ફરન્સનો નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તેમજ ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપ્સથિતિમાં પ્રારંભ કરાવ્યો હતો. તેમણે ગુજરાત પોલીસ દળની ઉજ્જવળ છાપને વધુ ઉન્નત બનાવવા અધિકારીઓને આહવાન કરતા કહ્યું હતું કે, એસર્ટીવ બનીને જાતે કામ માથે લઈને સામાન્યમાં સામાન્ય, ગરીબ, વંચિત-શોષિતનો ન્યાય અપાવવાનું દાયિત્વ તમે નિભાવો. સરકાર તમારી નેટ બનીને ઉભી રહેશે, તેમ લીડ લઈ તમારા સાથી નીચેના સ્તરના કર્મયોગીઓનું મોરલ બૂસ્ટિંગ કરો એમ મુખ્યમંત્રી સંવેદનસ્પર્શી વક્તવ્યમાં જણાવ્યું હતું.

વિજય રૂપાણીએ અસામાજિક તત્વો, પ્રજાનો રંજાડનારાઓ, સાયબર ક્રાઈમ, બહેનો-બાળકો પરના ગુના આચરનારાઓ સામે ઝિરો ટોલરન્સની નીતિથી ફિલ્ડમાં કામ કરતા પોલીસ કર્મીઓને સખ્તાઈથી પેશ આવી પોલીસ દળની કડપ અને દાબથી જ આવા ગુનેગારોની હિંમત દાબી દેવા સ્પષ્ટ સૂચનો કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, પોલીસ પ્રજાનો મિત્ર છે તેની ફરિયાદને ચોક્કસ ધાને લેવાશે અને પોતાને ન્યાય મળશે એવો ભરોસો-વિશ્વાસ જ સામાજિક સંવાદીતાના વાતાવરણમાં ઉપયુક્ત બનશે. મુખ્યમંત્રીએ પોલીસ દળની કાર્યપદ્ધતિનું સર્વગ્રાહી મૂલ્યાંકન કતા એમ પણ જણાવ્યું કે, સુરક્ષિત ગુજરાત-સલામત ભાવિની જવાબદારી પોલીસ દળના શિરે છે એવે વખતે ડેટા અપડેશન, કનેક્ટીવીટી, અદ્યતન સાધનોના મહત્તમ ઉપયોગથી જ કલીયર વિઝન સાથે ભાવિ રણનીતિ આયોજન ઘડી શકાશે.

વિજય રૂપાણીએ સીએમ ડેશ બોર્ડ દ્વારા રાજયના ૬૫૦ પોલીસ મથકોના રિયલ ટાઈમ મોનિટરિંગ, ક્રાઈમ પ્રિવેન્શન-ડિટેક્શનનો ડેટા મુખ્યમંત્રી કક્ષાએ હાથ વગો બન્યો છે તેની ભૂમિકા સીએમ ડેશ બોર્ડના ઈન્ડીકેટર્સના પ્રેઝન્ટેશન સાથે આપી હતી. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, ડિઝાસ્ટર, હુલ્લડો જેવી વિપદાના મૂકાબલામાં સીએણ ડેશ બોર્ડ અત્યંત મદદરુપ થાય તેવું હાથવગુ ટૂલ છે. તેમણે કહ્યું હતું કે, રાજ્ય પોલીસ દળમાં ભરતી થયેલી નવી પેઢી ટેકનોસેવી-આઈટી નિષ્ણાત છે તેનો મહત્તમ ઉપયોગ કરીનો નવા ઈનોવેશન્સથી સમસમયાના સોલ્યુશન્સના પ્રયોગો જિલ્લા સ્તરે થાય તેવો અનુરોધ પણ કર્યો હતો. તેમણે ગુજરાત પોલીસને ટીમ વર્કથી સતત સતર્ક રહીને ગુનેગાર દંડાય અને નિર્દોષોને, સામાન્ય માનવીને સંતોષ મળે તેવી સ્થિતિ માટે ખાસ ભાર મુક્યો હતો.

### કેશબેક યોજનામાં કાપ મુકવામાં આવ્યો

# પેટ્રોલ પંપ ઉપર ડિજિટલ પેમેન્ટ પર કેશબેક ઓછુ

## ગ્રાહકોને પેટ્રોલ-ડિઝલ ભરાવતી વેળા ડિઝીટલ ચુકવણી પણ હવે ૦.૨૫ ટકા છૂટછાટ મળશે : અહેવાલમાં દાવો

નવી દિલ્હી

પેટ્રોલ પંપ પર ડિઝીટલ ચુકવણીને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવેલી કેશબેક યોજનામાં કાપ મુકવામાં આવ્યો છે. ગ્રાહકોને પેટ્રોલ-ડિઝલ ભરાવવાની સ્થિતિમાં ડિઝીટલ ચુકવણી પર હવે ૦.૭૫ ટકાના બદલે માત્ર ૦.૨૫ ટકા જ છૂટછાટ મળશે. ચુકાદા સાથે જોડાયેલા લોકો દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. ડિઝીટલ ચુકવણીનો પ્રોત્સાહન આપવાના ઈરાદાથી ૧૩મી ડિસેમ્બર ૨૦૧૬થી પેટ્રોલ અને ડિઝલ ખરીદવા પર ચુકવણી ડેબીટ, ક્રેડિટ કાર્ડથી કરવાની સ્થિતિમાં ૦.૭૫ ટકા છૂટછાટ મળતી હતી. આ છૂટછાટ કેશબેક માધ્યમથી આપવામાં આવી રહી હતી. આના અંદર ચુકવણીના ત્રણ દિવસ બાદ છૂટછાટની રકમ ગ્રાહકોના ખાતામાં પરત આવતી હતી. પેટ્રોલિયમ કંપનીઓએ હવે પેટ્રોલ પંપ સંચાલકોને સૂચના આપી છે કે છૂટછાટ ઓછી કરીને ૦.૨૫ ટકા કરવામાં આવી છે.

પેટ્રોલિયમ કંપનીઓએ પેટ્રોલ પંપ સંચાલકોને મોબાઈલ પર એસએમએસ મોકલીને આ સંદર્ભમાં ગ્રાહકોને સૂચના આપવા માટે કહ્યું છે. પહેલી ઓગસ્ટ ૨૦૧૮ થી આનો અમલી કરી દેવામાં આવી છે. ગ્રાહકોને ક્રેડિટ કાર્ડ, ડેબીટ કાર્ડ, મોબાઈલ વોલીટ મારફતે પેમેન્ટ પર ૦.૭૫ ટકાના બદલે પેટ્રોલ પર પ્રતિ લીટર ૫૭ પૈસા અને ડિઝલ પર ૫૦ પૈસાની છૂટછાટ પ્રતિ લીટર મળતી હતી.

આ છૂટછાટનો ઘટાડીનો પેટ્રોલ પર હવે ૧૯ પૈસા અને ડિઝલ પર ૧૭ પૈસા કરી દેવામાં આવી છે. વડાપ્રધાન મોદીએ આઠમી નવેમ્બર ૨૦૧૬ના દિવસે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટને બંધ કરી દેવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ ડિઝીટલ ચૂકવણીનો પ્રોત્સાહન આપવા માટે અનેક પ્રકારની છૂટછાટો અપાઈ હતી.

### સેન્ટ ઝેવિયર્સના બાળકોને મનોરંજન કરાવ્યું

# કાર્ટુન કલાકાર મોટુ-પતુલએ બાળકોમાં આકર્ષણ જમાવ્યું

## મોટુ-પતલુએ બાળકોની સાથે હાથ મિલાવી તેમની સાથે ડાન્સ અને ધીંગામસ્તી કરી : બાળકો ખુશીથી ઝુમી ઉઠયા

અમદાવાદ

દેશની નંબર વન બાળકોની મનોરંજન ચેનલ નિકલોડિયનના સૌથી લોકપ્રિય કાર્ટુન કલાકાર મોટુ અને પતલુ આજે અમદાવાદના મહેમાન બન્યા હતા. શહેરના મીરઝાપુર વિસ્તારમાં આવેલી વર્ષો જૂની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં મોટુ અનો પતલુએ અચાનક મુલાકાત લઈ શાળાના બાળકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. બાળકો પણ પોતાના ફેવરીટ અને મનપસંદ કાર્ટુન કલાકાર મોટુ અને પતલુને જોઈને ખુશીથી ઝુમી ઉઠયા હતા અને ચિચિયારીઓ પાડી ઉઠયા હતા. મોટુ અને પતલુએ પણ બાળકો સાથે હાથ મિલાવી, તેમની સાથે ડાન્સ અને ધીંગામસ્તી કરી તેમને બહુ મોજ મસ્તી કરાવી હતી. મોટુ અને પતલુએ સેન્ટ ઝેવિયર્સ ઉપરાંત શહેરના અન્ય સ્થળોએ પણ મુલાકાત લઈ આ ફ્રેન્ડશિપ ડે પર તમારા બેસ્ટ ફ્રેન્ડ સાથે નિક્લોડિયનના હેશ બેસ્ટ ટુગેધર કેમ્પેઈન સાથે જોડાઓનો અનોખો સંદેશો આપ્યો હતો. બીએફએફના મોટુ અને પતલુએ ફ્રેન્ડ્સ સાથે હેશ બેસ્ટ ટુગેધર અવસરની ઉજવણી કરવા માટે આજે અમદાવાદ શહેરની મીરઝાપુર વિસ્તારની જાણીતી સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની મુલાકાત લીધી હતી. મોટુ અને પતલુએ જીવનમાં ફ્રેન્ડશીપનું મહત્વ અને ખુબીઓ બાળકોને ગમ્મત સાથે સમજાવી હતી. પોતાના મનપસંદ કાર્ટુન કલાકારો મોટુ અને પતલુને જોઈને બાળકો ખુશીથી ઝુમી ઉઠયા હતા. બાળકોમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ છવાઈ ગયો હતો. બાળકોએ મોટુ અને પતલુ સાથે હાથ મિલાવવા અને તેની સાથે તસવીરો ખેંચાવવા માટે ભારે પડાપડી કરી હતી. આ પ્રસંગે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના શિક્ષકોએ પણ બાળકોને તેમના ફેવરીટ કાર્ટુન પાત્રો સાથે ધીંગામસ્તી અને ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરવાનીઅનોખી તક પૂરી પાડી હતી. મોટુ અને પતલુની મુલાકાતથી મસ્તીમાં ચૂર બનેલા બાળકોએ તેમને ભેટીને, તેમની સાથે હાથ મિલાવીને, તેમની સાથે ડાન્સ-ગાન કરીને ધીંગામસ્તી કરી હતી અને મોજમસ્તીમાં મજેદાર દિવસ વીતાવ્યો હતો. તો, મોટુ અને પતલુએ પણ બાળકોને તેમની સાથે ડાન્સ કરી, આકર્ષક રોમાંચક સ્મૃતિઓ નિર્માણ કરી તેઓને ભરપૂર મનોરંજન કરાવ્યું હતું. બાળકોના જીવનમાં મોટુ અને પતલુની આજની મુલાકાત મસ્તીની યાદરૂપ કંડારાઇ ગઇ હતી. આજના કાર્યક્રમ દરમ્યાન સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના સ્ટાફ અને અન્ય કર્મચારીઓએ પણ સારો એવો સહયોગ આપ્યો હતો.

### મુખ્યમંત્રી ફડનવીસે સ્પષ્ટરીતે ખાતરી આપી

# મરાઠાને અનામત આપવા માટેની માંગને સંપૂર્ણ ટેકો

## જરૂરી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મરાઠાને અનામત

મુંબઈ

મહારાષ્ટ્ર સરકારે આજે ખાતરી આપી હતી કે, મરાઠા સમુદાયના લોકોને અનામત આપવા માટેની માંગણીને તે ટેકો આપે છે. સરકારે ખાતરી આપી છે કે, સમુદાયના સભ્યોને કાયદાકીયરીતે અનામત આપવામાં આવશે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ તરફથી આ ખાતરી આપવામાં આવી હતી. તેમણે ઉમેર્યું હતું કે, જરૂરી કાયદાકીય પ્રક્રિયાને પૂર્ણ કરી લેવામાં આવ્યા બાદ અનામત આપવામાં આવશે. રાજ્યના નેતાઓ, મરાઠા આંદોલનના ટોપ નેતાઓ અને રાજ્ય સરકારના અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક બાદ મુખ્યમંત્રીએ આ ખાતરી આપી હતી.

મરાઠાને અનામત આપવાના મુદ્દે આ મિટિંગ યોજાઈ હતી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, જુદા જુદા વર્ગના લીડરો સાથે આ મિટિંગ યોજાઈ છે. કાયદાકીય રીતે મરાઠાઓને અનામત આપવાના સંદર્ભમાં એક સંયુક્ત નિવેદન પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. રાજ્ય સરકાર મરાઠા અનામતની માંગને ટેકો આપે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મરાઠા અનામતની માંગને લઈને મહારાષ્ટ્રમાં ફરી એકવાર સ્થિતી વિસ્ફોટક બની ગઈ છે.

ગઈકાલે પોતાની માંગોને લઈને માર્ગો પર ઉતરેલા લોકોએ પુણે-સોલાપુર હાઈવે પર નાકાબંધી કરી હતી. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસે શાંતિ જાળવી રાખવા માટે લોકોને અપીલ કરી છે.

જેલ ભરો આંદોલનની ચેતવણીને ધ્યાનમાં લઈને સુરક્ષા વ્યવસ્થા ખુબ મજબૂત કરવામાં આવી છે. મુંબઈ મરાઠા ક્રાંતિના લોકોનું કહેવું છે કે, સરકાર ઉપર દબાણ લાવવામાં આવશે. ૯મી ઓગસ્ટથી અસહયોગ આંદોલન છેડવામાં આવશે. આમા મોટી સંખ્યામાં લોકો માર્ગો ઉપર ઉતરશે. બીજી બાજુ અનામતને લઈને મરાઠા બાદ હવે મુસ્લિમ અને લિંગાયત સમાજના અનામતને લઈને પણ મુદ્દો ગરમી પકડી રહ્યો છે. સોમવારના દિવસે પુણે-નાસિક મહામાર્ગ ઉપર વ્યાપક હિંસા થઈ હતી. મંગળવારના દિવસે પણ સરકારી બસ સેવા બંધ કરવામાં આવી હતી.

સોમવારે થયેલી હિંસામાં આઠ કરોડનું નુકસાન થયું હતું. પુણે હિંસાના સંદર્ભમાં હજુ સુધી ચાર હજાર લોકો સામે કેસ દાખલ કરાયો છે. હજુ સુધી હિંસામાં છના મોત થઈ ચુકયા છે.

### સરકારે પગલા લેવા પડશે પરંતુ જાગૃતિ પણ જરૂરી

# વિકૃત આનંદ મેળવનાર તત્વો વન્યજીવો માટે ખુબ

## વન્ય જીવનને કેમેરા-વીડિયોમાં કંડારવા મહેતા પરિવારનું સમર્પણ સમાજ જીવનને અનોખી જ પ્રેરણા પૂરી પાડે છે

અમદાવાદગુજરાત રાજયના વન્ય વિસ્તાર અને ગીર અભયારણ્ય ક્ષેત્રમાં ગેરકાયદે સિંહ દર્શનનો મુદ્દો થોડા દિવસો પહેલા બહુ જાગ્યો હતો ત્યારે આવા વિકૃત આનંદ મેળવનારા તત્વોનું વન્ય જીવો, પ્રાણીઓ અને પ્રકૃતિના શાંત જીવનમાં બિનજરૂરી ખલેલ પાડી તેમનું જીવન વિક્ષેપિત કરવાનું કૃત્ય ઘણુ દુઃખદ, આઘાતજનક અને વખોડવાપાત્ર છે. વન્ય વિસ્તાર કે અભયારણ્ય વિસ્તારમાં જોરશોરથી મ્યુઝિક વગાડી, શોરબકોર કરી, પૂરપાટ ઝડપે વાહનો હંકારી કે શિકારની લાલચ ઉભી કરી સિંહ સહિતના પ્રાણીઓના ગેરકાયદે દર્શન કરવાના કોઈપણ પ્રકારના ડિસ્ટર્બન્સથી વન્યજીવન અને પ્રકૃતિને ગંભીર ખતરો છે.

આ માટે સરકારે તો આકરા પગલા લેવા જ પડશે પરંતુ આમજનતાની જાગૃતિ અને જવાબદારી પણ એટલી જ જરૂરી છે કે જેઓ સાચા અર્થમાં સમજે કે, અત્યારસુધી પ્રકૃતિએ આપણી રક્ષા કરી છે અને હવે સમય પાકી ગયો છે કે, આપણે સૌ કોઈ ભેગા મળી પ્રકૃતિ અને વન્ય જીવો-પ્રાણીઓનું રક્ષણ કરીએ..આ શબ્દો અન્ય કોઈ નહી પરંતુ સમગ્ર વન્યજીવનને કેમેરા અને વીડિયોમાં કંડારવામાં સમગ્ર પરિવારે પોતાનું જીવન સમર્પણ કરી દીધું છે તેવા દેશના જાણીતા વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર અને વાઈલ્ડલાઈફ સોજોર્ન્સના ફાઉન્ડર ભસ્માંગ મહેતા, તેમના પત્ની ઝંખના મહેતા અને પુત્ર મુદિત મહેતાના છે. વાઈલ્ડલાઈફની દુનિયા નાનકડા કેમેરા અને વીડિયોમાં કંડારવાનું અને આ ક્ષેત્રમાં કંઈક કરી છૂટવાનું ઝનુન એટલી હદનું હતું કે, સુખી સંપન્ન પરિવારમાં જન્મેલા અને એક સમયે પોતાની ફાર્માસ્યુટીકલ કંપની ધરાવતાં ભસ્માંગ મહેતાએ ૨૦૧૧માં એક તબકકે વન્યજીવન અને પ્રકૃતિ પ્રેમ માટે પોતાનીફાર્માસ્યુટીકલ કંપની પણ બંધ કરી દીધી અને પોતાની પત્ની ઝંખના અને પુત્ર મુદિત સાથે સમગ્ર જીવન વન્યજીવનને જાણે સમર્પિત કરી દીધું.વાઈલ્ડલાઈફ સોજોર્ન્સના ફાઉન્ડ ભસ્માંગ મહેતા

અને તેમના પત્ની ઝંખના મહેતાએ જણાવ્યું હતું કે, પાછલા કેટલાક વર્ષોમાં તેમણે ગુજરાતના ગીર અભયારણ્ય ઉપરાંત, કર્ણાટકના કાબિની(નાગરહોલ નેશનલ પાર્ક), જવાઈ, રણથંભોર નેશનલ પાર્ક, બાંધવગઢ નેશનલ પાર્ક, ભરતપુર બર્ડ સેન્ચુરી, ચંબલ રિવર સેન્ચુરી, લિટલ રણ ઓફ કચ્છતડોબા નેશનલ પાર્ક અને પેન્ચ નેશનલ પાર્ક સહિતના વન્ય ક્ષેત્રોમાં જીવનની કિંમતી ક્ષણો વાઘ, સિંહ, ચિત્તા, હરણ, જંગલી બફેલો સહિતના પ્રાણીઓ અને પક્ષીઓની એકમાત્ર લાક્ષણિક અને જવલ્લે જ નિહાળવા મળે તેવી ક્ષણો કંડારવા માટે સમર્પિત કરી દીધી હતી અને તેના પરિણામે આજે જીવનમાં કંઈક કર્યાનો સાચા અર્થમાં સંતોષ છે.

### ગ્રામીણ વિસ્તારોમાં ક્રેડિટએક્સેસ લોકપ્રિય થઇ

# હવે ક્રેડિટ એક્સેસ ગ્રામીણનો IPO આઠમીએ લોન્ચ કરાશે

## આઇપીઓ ૧૦મીએ બંધ:પ્રાઇઝ બેન્ડ ૪૧૮-૪૨૨

અમદાવાદ

દેશના આઠ રાજયોમાં અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં અસરકારક નેટવર્ક ધરાવતી દેશની અગ્રણી ભારતીય માઈક્રો-ફાઈનાન્સ સંસ્થા ક્રેડિટએક્સેસ ગ્રામીણ લિમિટેડની ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં લોકપ્રિયતા વધી રહી છે. માત્ર ગ્રામીણ મહિલાઓનો સ્વરોજગારીથી આત્મનિર્ભર બનાવવા માટે લોન-ધિરાણ આપતી ક્રેડિટએક્સેસ ગ્રામીણ લિ. દ્વારા અત્યારસુધી આશરે કુલ એક કરોડ રૂપિયા સુધીની લોન દેશના આઠ રાજયોની ગ્રામીણ મહિલાઓને આપી તેમના ઉત્કર્ષમાં મહત્વનું યોગદાન આપ્યું છે. આ સાથે જ ક્રેડિટએક્સેસ ગ્રામીણ લિમિટેડ હવે તા.૮મી ઓગસ્ટ,૨૦૧૮ના રોજ રૂ.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતાં ઈક્વિટી શેરનો આઈપીઓ લઈને આવી રહી છે. આ જાહેરભરણાંની બિડ/ઓફર તા.૧૦ ઓગસ્ટ, ૨૦૧૮નાં રોજ બંધ થશે એમ અત્રે કંપનીના ડાયરેકટર પાઓલો બ્રીચેટી, એમડી અને સીઈઓ ઉદયાકુમાર હેબ્બર અને સીએફઓ દિવાકર બી.કે.એ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દેશના આઠ રાજયો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં ગ્રામીણ વિસ્તારોમાં ખાસ કરીને ગ્રામીણ મહિલાઓનો સ્વનિર્ભર બનાવવામા ક્રેડિટએક્સેસ ગ્રામીણ લિ.મદદરૂપ બનવા આગામી દિવસોમાં વધુ અસરકારક કામગીરી વિસ્તારવા જઈ રહી છે. કંપનીનો કલાયન્ટ ગ્રોથ ૪૧ ટકાનો નોંધાયો છે, જયારે ચોખ્ખો નફો રૂ.૧૨૪ કરોડનો નોંધાયો છે. સારા પરિણામો અને વિકાસની હરણફાળ વચ્ચે હવે ક્રેડિટએક્સેસ ગ્રામીણ લિ. માર્કેટમાં તા.૮મી ઓગસ્ટથી ઈક્વિટી શેરનો આઈપીઓ લઈને આવી રહી છે. જેમાં રૂ. ૬,૩૦૦ મિલિયનનાં નવા ઈક્વિટી શેર(ફ્રેશ ઈશ્યૂ) અને પ્રમોટર ક્રેડિટએક્સેસ એશિયા એન. વી.(પ્રમોટર વિક્રેતા શેરધારક અને આ પ્રકારનાં ઓફર થયેલા શેર, ઓફર્ડ શેર) (ઓફર ફોર સેલ) ૧,૧૮,૭૬,૪૮૫ ઈક્વિટી શેર ઓફર કરશે. કંપની અને પ્રમોટર વિક્રેતા શેરધારક આઈસીડીઆર નિયમનો મુજબ એન્કર ઈન્વેસ્ટર્સની ભાગીદારી અંગે બીઆરએલએમ સાથે ચર્ચા કરી શકે છે.

એન્કર ઈન્વેસ્ટર બિડિંગની તારીખ ઓફર ખુલવાની તારીખનાં એક કાર્યકારી દિવસ અગાઉ હશે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૧૮થી રૂ. ૪૨૨ છે. બિડ લઘુતમ ૩૫ ઈક્વિટી શેર માટે અને પછી ૩૫ ઈક્વિટી શેર માટે થઈ શકશે. ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે. ઓફરનાં બુક રનિંગ લીડ મેનેજર્સ આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ લિમિટેડ, ક્રેડિટ સુસ્સી સીક્યોરિટીઝ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ, આઈઆઈએફએલ હોલ્ડિંગ્સ લિમિટેડ અને કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ છે.

# રૂપાણીના જન્મદિનને રાજકોટ જિલ્લા ભાજપા દ્વારા સેવાદિન તરીકે ઉજવાયો

## વિરાણી બહેરા-મુંગા શાળામાં બાળકોને પૌષ્ટિક આહાર તેમજ વી.ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગ્રૃહના બહેનોને ભોજન પ્રસાદ

રાજકોટ,મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના ૬૨માં વર્ષના જન્મદિવસ નિમિતે સેવાદિન તરીકે રાજકોટ જિલ્લા ભાજપાના પ્રમુખશ્રી ડી.કે. સખીયા, મહામંત્રી સર્વશ્રી ભાનુભાઈ મેતાના માર્ગદર્શન હેઠળ વિરાણી બહેરા–મુંગા શાળામાં બાળકોને પૌષ્ટિક આહાર તેમજ વી.ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગ્રૃહિના બહેનોને ભોજન પ્રસાદ કરાવીને જન્મ દિવસ ઉજવવામાં આવ્યો હતો.

6સેવાદિન6 કાર્યૃમમાં પરસોતમભાઈ સાવલિયા, સતીશભાઈ ભીમજીયાણી, વલ્લભભાઈ શેખલીયા, વિજયભાઈ કોરાટ, ભરતભાઈ શિંગાળા, ગોવિંદભાઈ રાઠોડ, રસીલાબેન સોજીત્રા, શીલાબેનડોડીયા, ધીરેનભાઈ સંખાવરા, અરૂણભાઈ નિર્મળ, હિરેનભાઈ જોશી, દીપકભાઈ ભટ્ઠ, અમૃતલાલ દેવમુરારી, અરૂણભાઈ નિર્મળ, ગીરીશભાઈ પરમાર, રવિરાજસિંહ જાડેજા, ધીરૂભાઈ કોરાટ, વિનુભાઈ ઢુંમર, ડો. દીપકભાઈ પીપળીયા, હરેશભાઈ મકવાણા, રજનીભાઈ સખીયા, દીપકભાઈ મદલાણી, ભૂપેનભાઈ પટેલ, જીજ્ઞેશભાઈ તન્ના, ડો. ગૌતમભાઈ શુકલ, જગદીશભાઈ કોરાટ, જસમતભાઈ સાંગાણી, રમેશભાઈ વાઘેલા, મનોજભાઈ પેઢડીયા, મનીષભાઈ ચાંગેલા, દિનેશભાઈ વીરડા, બીપીનભાઈ રેલીયા, જેન્તીલાલ ત્રિવેદી, વિવેકભાઈ જોશી, દીપાબેન મલકાન, મીનાબેન શાહ, વિરાજ જોશી, પ્રતિક માંડલીયા, રાજ ગૌસ્વામી, સિદ્ધાર્થ દેસાઈ, પિયુષભાઈ વાડોલીયા, ઉત્સવ મહેતા, વિમલ ખંડવી, હિતેશ હુંબલ, રીતેશ પરસાણા, મયંક મણવર સહિતના જીલ્લા તથા તાલુકાના અગ્રણી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યૂમની વ્યવસ્થા અલ્પેશભાઈ અગ્રાવત, જયેશભાઈ પંડયા, વિવેક સાતા, કિશોર રાજપૂત સહિતનાએ સંભાળી હતી



# કાઠીયાવાડની ક્રાઇમ કુંડળી




# ધારી હરીકૃષ્ણનગરમાં બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા

## તસ્કરોએ બંધ મકાનમાં પ્રવેશી સોના ચાંદીના દાગીના, કપડા અને રોકડ મળી કુલ રૂ. ૮૮ હજારની ચોરી કર્યાની ફરિયાદ

અમરેલી,ધારી હરીકૃષ્ણનગરમાં રહેતા સાજીદખાન મજીદખાન એડવોકેટના બંધ મકાનમાં તા. ૨૨-૭ થી તા. ૨-૮ દરમિયાન કોઈપણ વખતે કોઈ અજાણ્યા શખ્સોએ મકાનની દિવાલ ઠેકી અંદર પ્રવેશી બારણાં નકુચા તોડી સોના ચાંદીના દાગીના, કપડા અને રોકડ મળી કુલ રૂ. ૮૮૦૦૦ ની ચોરીની ફરિયાદ ધારી પોલીસમાં નોંધાવી

## કેરાળા નજીક કદાચ ટ્રકચાલક ઉંઘી ગયો હતો : એસટી ચાલક

### કોઇ દુશ્મન આવે તેમ ટ્રક સીધો બસ ઉપર આવ્યો

અમરેલી,

અકસ્માતમાં ઘવાયેલા એસટીના ચાલકે જણાવ્યું હતુ કે જેમ દુશ્મન મારી નાખવા આવે તેવી રીતે ટ્રક સીધો બસની ઉપર સાથે જ આવ્યો હતો કદાચ ટ્રકચાલક ઉંધી ગયો હોય તેમ લાગ્યું હતુ.

## અમરેલીમાં વિજ શોક લાગતા ભેંસનું મોત

અમરેલી,અમરેલીમાં કપોલ બોર્ડીંગ નજીક ત્રણ ભેંસો લઈ ચરાવવા જઈ રહેલ રાજુ અરજણભાઈ ચોરડા જતા હતા. એક ભેંસ વિજપોલને અડી જતા સવારે ૭:૩૦ કલાકે ભેંસનું મોત થયુ હતુ. તેમ જણાવ્યુ છે.

## સાવરકુંડલા મણીભાઈ ચોકમાં ડમ્પર ચોરાયું

### રૂ. ૩ લાખ ૫૦ હજારનું ડમ્પર ચોરાયાની ફરિયાદ

અમરેલી,

સાવરકુંડલા મણીભાઈ ચોકમાં પરવેશભાઈ સુમરા રહે. ધારીનું ડમ્પર નં. જીજે ૧૦વી ૬૩૧૫ અંદાજે રૂ. ૩ લાખ ૫૦ હજારની કિંમતનું કોઈ અજાણ્યા શખ્સો ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ઠવી નેમીનાથ આશ્રમ પાસેથી બાઈક ચોરાયાની ફરિયાદ

અમરેલી,વંડા તાબાના ઠવી નેમીનાથ આશ્રમ પાસેથી કાળુભાઈ પાચાભાઈ ભમ્મર રહે. રાણપરડા વાળાનું સ્પ્લેન્ડર બાઈક જીજે ૧૭એમ ૧૦૬૩ રૂ. ૧૦૦૦૦ ની કિંમતનું કોઈ ચોરી ગયાનું વંડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## જાફરાબાદના રોહીસાની સીમમાં પ્રૌઢ પર હુમલો

### દાતરડા વડે હાથે ઈજા કરી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,જાફરાબાદ મરીન નીચેના રોહીસા ગામની સીમમાં ભીમાભાઈ ડાયાભાઈ સાંખટ ઉ.વ. ૪૫ વાડીએ જતા હતા ત્યારે રસ્તામાં મંગા શિવુ વાળા રહે. રોહીસા વાળાએ દાતરડા વડે જમણા હાથે ઈજા કરી ધમકી આપ્યાની જાફરાબાદ મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## વડીયાના નવા બાદલપુર સીમમાં તાણીયા હટાવી લેવા બોલાચાલી થતા સામસામી મારામારી સર્જાઇ

### કુહાડી લાકડી વડે માર મારી ઈજા કર્યાની સામસામી ફરિયાદ

અમરેલી,વડીયા તાબાના નવા બાદલપુર સીમમાં પરેશભાઈ સવજભાઈ રૈયાણી ઉ.વ. ૩૮ અને ભાવેશ કમળશી બાબરીયાના ખેતરના સેઢે ઈલેકટ્રીક થાંભલાના તાણીયા બાબતે બોલાચાલી થતા ભાવેશ કમળશી બાબરીયા, કમળશી ભુરા બાબરીયા અને રીનાબેન ભાવેશભાઈ બાબરીયાએ કુહાડી લાકડી વડે માર મારી ઈજા કર્યાની વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. સામાપક્ષે રીનાબેન ભાવેશભાઈ બાબરીયાએ સવજી ભીમજી રૈયાણી, પરેશ સવજી રૈયાણી, કલ્પેશ સવજી રૈયાણી સામે ગાળો બોલી બડીયા વડે માર માર્યાની વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલામાં હાથલારી ચલાવીને જતા શ્રમિકને ફોરવ્હીલે હડફેટે લેતા ઈજા

### કમરના ભાગે જમણી બાજુના ગોળા પર ઈજા પહોચાડી નાશી ગયાની ફરિયાદ

અમરેલી,

સાવરકુંડલા આઈ.સી.આઈ.સી.આઈ. બેંક પાસે શબ્બીરભાઈ આસમભાઈ બાવનકા ઉ.વ. ૫૫ પોતાની હાથલારી ચલાવીને જતા હતા ત્યારે અજાણ્યા ફોરવ્હીલ ચાલકે હડફેટે લઈ કમરના ભાગે જમણી બાજુના ગોળા પર ઈજા પહોચાડી નાશી ગયાની ફરિયાદ સાવરકુંડલા પોલીસ મથકમાં નોંધાવી છે.

## સાવરકુંડલા શહેરના મોમાઇપરામાં રહેણાંક મકાનમાંથી ૯૧ બોટલ ઈંગલીશ દારૂ ઝડપાયો

### બાતમી આધારે પોલીસે દરોડો પાડી રૂપિયા ૩૬૪૦૦ નો મુદામાલ કબ્જે કર્યો : બે શખ્સો નાશી છુટયા

અમરેલી,

સાવરકુંડલા મોમાઈપરા મેલડીકૃપા મકાનમાં પી.આઈ. પી.વી.જાડેજાએ રેઈડ પાડતા ૯૧ બોટલ ઈંગ્લીશ દારૂ રૂ. ૩૬૪૦૦ નો મુદામાલ કબ્જે કરેલ

જયારે રેઈડ દરમિયાન કિશોર પ્રેમજી મારૂ અને ભાવેશ પ્રેમજી મારૂ નાશી છુટયા હતા.

## સાવરકુંડલા એડીશનલ કોર્ટમાં સાહેદ તરીકે અન્યને ઉભા રાખી છેતરપીંડી કર્યાની ફરિયાદ

### સાવરકુંડલા પોલીસ મથકમાં છેતરપીંડીની ફરિયાદ દાખલ

અમરેલી,સાવરકુંડલા એડીશનલ કોર્ટમાં કમલેશ ચંપકલાલ કોટકે, અલ્પેશ અરવીંદ, ભાવેશ અરવીંદ લુહાણાની જગ્યાએ ઉભો રખાવી છેતરપીંડી કર્યાની સાવરકુંડલા પોલીસ મથકમાં રમેશભાઈ ચતુરભાઈ ચાવડાએ ફરિયાદ નોંધાવી છે.

## લીલાયાનાં સલડીમાં ગામમાં યુવાનને શર્પદંશ

અમરેલી,

લીલીયા તાલુકાનાં સલડી ગામે રહેતા બહાદુરભાઈ હીરારામ મકવાણાને ઝેરી સાપે બટકુ ભરી લેતા તેમને સારવાર અર્થે અમરેલી સીવીલ હોસ્પીટલમાં ખસેડવામા આવ્યા હતા.

## સલડીમાં યુવાનને શર્પદંશ

અમરેલી,ધારી તાલુકાનાં મીઠાપુર ગામે રહેતા હિનાબેન ધીરૂભાઈ પરમાર (ઉ.વ.૧૪)એ અગમ્ય કારણોસર એસીડ પી જતા તેને સારવાર અર્થે અમરેલી સીવીલ હોસ્પીટલમાં ખસેડવામા આવ્યા હતા.

## ઉનામાં લોહાણા જ્ઞાતિ દ્વારા નાગપંચમીની ઉજવણી

ઉના,

ઉનામાં અષાઢ વદ પાંચમ ગુરૂવારના લોહાણા જ્ઞાતિની મહિલઓએ નાગદેવતાની પુજા-અર્ચના-આરતી કર્યા હતા. તેમજ પતિ પુત્ર તથા કુંટુંબની રક્ષા માટે પ્રાર્થના કરી હતી.

## બગસરાના બાલાપુર ગામની સીમમાં પરપ્રાંતી પરણીતાએ ઝેરી દવા પીલેતા દવાખાને ખસેડાઇ

### પતિએ મારી બેનને કેમ ઘરે રોકેલ નહી તેવુ જણાવતા લાગી આવતા પરણીતાએ પગલુ ભર્યુ

અમરેલી,

બગસરા તાબાના બાલાપુરની સીમમાં રતીભાઈ બાલાભાઈ ઠુંમરની વાડીએ કામ કરતા શારદાબેન ગુમાનસિંહ ગુડલીયા ઉ.વ. ૩૫ મુળ છોડા સરદી હાલ બાલાપુરની નળદ ઘરે આવેલ જે બીજા દિવસે જતા રહેલ જેથી પતિએ મારી બેનને કેમ ઘરે રોકેલ નહી તેવુ જણાવતા લાગી આવતા ઝેરી દવા પી જતા પ્રથમ બગસરા અને વધુ સારવાર માટે અમરેલી દવાખાને ખસેડેલ છે.

## અમરેલી યુનિટી હાઈસ્કુલ ગૌરવ

અમરેલી,હાલમાં યોજાયેલ રાજકીય ફુટબોલ સ્પર્ધા અન્ડર ૧૯ માં શાળાના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ સુંદર દેખાવ કરી રાજય કક્ષાએ પંસદ થયેલ છે. આ સિદ્ધિ બદલ શાળા સંચાલક મંડળ અને શાળા પરિવાર આ ખેલાડીઓને ઉતરોત પ્રગતિ કરતા રહે આવા આશીવાદ સાથે અભિનંદન પાઠવેલ છે. આ સમગ્ર સ્પર્ધામાં શાળાના વ્યાયામ શિક્ષક ભરતભાઈ મહેતાએ ખૂબ જહેમત ઉઠાવી સુંદર માર્ગદર્શન પુરૂ પાડેલ છે. એગ્ર શાળાના સ્પર્ધા જે,કે. વ્યાસની યાદીમાં જણાવે છે.

## લાઠીમાં નિવૃતિ વિદાયમાન અપાયું

### તાલુકા પંચાયતના શ્રી જાની અને શ્રી ભટ્ટ અને શ્રી આસોદરીયાને વિદાયમાન



લાઠી, તા. ૨/૦૮.૧૮ લાઠી તાલુકા પંચાયત કચેરી માંથી ડે. એકા. (હિસાબી) શ્રી આર.જે જાની તથા તલાટી કમ મંત્રી શ્રી વિનુભાઈ આંસોદરિયા તથા ડી.જે ભટ્ટ વય નિવૃત થતા આજ રોજ તાલુકા પંચાયત સ્ટાફ તથા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા શ્રી જનક પી. તળાવીયાના અધ્યક્ષ સ્થાને તાલુકા વિકાસ અધિકારી શ્રી જે.જે ભટ્ટ તથા તમામ સ્ટાફ સાથે ઉપરોક્ત ત્રણેય કર્મચારીઓને નિવૃત વિદાય સન્માનિત કરી ભાવભેર વિદાય પાઠવી.આ પ્રસંગે હાજર અધિકારી શ્રી તથા પદાધિકારી દ્વારા પ્રસંગોપાત પ્રવચન કરી અને વિદાય લેતા કર્મચારી શ્રીઓના પ્રતિભાવો મેળવતા વિદાય આપતા કર્મચારી શ્રીએ સૌનો ભારી કંઠે આભાર માનેલ.

## ધારીના વાઘવડી ગામે મગફળીનો પાક નિષ્ફળ જતા વૃધ્ધ ખેડુતે ઝેરી દવા પીતા મોત નિપજયું

### ચલાલાના પોલીસ મથકમાં બનાવ અંગે જાહેર કરાયું

અમરેલી,ધારી તાલુકાના વાઘવડી ગામે રહેતા કાળુભાઈ રામજીભાઈ દાફડા ઉ.વ. ૫૨ મગફળીનો પાક નિષ્ફળ જતા ટેન્શનમાં આવી ઝેરી દવા પી જતા મોત નિપજયાનું ચલાલા પોલીસ મથકમાં ગોવિંદભાઈ રામજીભાઈ દાફડાએ જાહેર કરેલ છે.

## અમરેલીના ચક્કરગઢ રોડ રામવાડી સોસાયટી શેરી નંબર ૩ માં સીસી રોડ બનાવવા માંગણી

### શેરી નં. ૩ ના રહીશો દ્વારા પાલીકા પ્રમુખ સહિત ઉચ્ચ કક્ષાએ રજુઆત

અમરેલી,

અમરેલી ચક્કરગઠ રોડ રામવાડી સોસાયટી શેરી નંબર ૩ માં સી.સી. રોડ બનાવવા શેરી નં. ૩ ના રહીસો દ્વારા ભુર્ગભ ગટરની કામગીરી પુર્ણ થઈ ગયા બાદ રસ્તો એકદમ ખરાબ હોવાથી ચોમાસાનું પાણી એકઠુ થાય છે જેના કારણે લોકોની આરોગ્ય જોખમાય તેમ હોય તેમજ અમારી શેરીમાં વચ્ચે મહાદેવનું મંદિર અને પ્રજ્ઞા સ્કુલ આવેલ હોવાથી લોકો અને બાળકોને મુશ્કેલી પડે છે. જેથી લેવલીંગ કરી સી.સી.રોડ બનાવવા શહેરીના રહીસો દ્વારા પાલીકાના પ્રમુખ, જીલ્લા કલેકટર, વિરોધપક્ષના નેતાને પત્ર પાઠવી લેખીત રજુઆત કરવામાં આવી છે.

## અમરેલી જીજીબેન ફોરવર્ડ હાઈસ્કુલમાં રોજગાર સેમીનાર યોજાયો



અમરેલી,

અમરેલી શ્રીમતી જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલમાં તા. ૨૭-૭ શુક્રવાર ગુરૂપુર્ણિમાના દિવસે શાળાના મ્યુઝીક હોલમાં ધો. ૧૧-૧૨ સાયન્સ પ્રવાહની બહેનોને જીલ્લા રોજગાર કચેરી અમરેલી અને રાજકોટ તેમજ શ્રીમતી જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલના સંયુકત ઉપક્રમે કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શાળાના આચાર્યા ડો. ચંદ્રિકાબેન લાઠીયા દ્વારા એમ્પ્લોયમેન્ટ ઓફિસર તેમજ કાઉન્સેલર અલ્તાફભાઈ ડેરૈયાનું સ્વાગત કર્યુ હતું.

અને વિદ્યાર્થીનીઓને પ્રેરિત કરવાની તક ઝડપી લઈ કેટલીક વિકાસલક્ષી વાતો કરી જીવનમાં ગુરૂનું મહત્વ સમજાવ્યું હતું. અને ગર્વમેન્ટની વિવિધ વિદ્યાર્થીલક્ષી યોજનાઓનો લાભ લેવા હાકલ કરી હતી. અભ્યાસમાં ધ્યાન લગાવી શ્રેષ્ઠ કારકીર્દી ઘડવા જણાવી એમ્પ્લોય કરતા પણ વિશેષ એમ્પ્લોયર બનો. તથા ગુરૂજનોની અસીમ કૃપા થાય તેવી શુછકામના પાઠવી હતી. એમ્પ્લોયમેન્ટ ઓફિસર અલ્તાફભાઈ ડેરૈયાએ ખુબ જ ઉપયોગી અને રસપ્રદ માહિતી આપી દરેક વિદ્યાર્થીએ એમ્પ્લોયમેન્ટ કાર્ડ કેવી રીતે કઢાવવું અને તેનું શું મહત્વ છે. અભણ વ્યકિત પણ આ કાર્ડ કઢાવી શકે છે. કેટલીક અગત્યની વેબસાઈટ વિશે માહિતી આપી **www.NCS.org (National Career Service)** માં

### એમ્પ્લોયમેન્ટ ઓફિસર શ્રી ડેરૈયા દ્વારા વિદ્યાર્થીઓને માહિતી આપી

વિદ્યાર્થી તરીકે રજીસ્ટ્રેશન કરાવી શકાય. **NCS** પોર્ટલમાં ૩૩૦૦૦ કંપની રજીસ્ટર્ડ છે. કંપની જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારનો કોન્ટેકટ કરી શકે છે. **Private** તેમજ **Government** બધીજ કંપનીએ **NCS** માં રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. વેબસાઈટ **www.employment.gujarat.gov.in** પર કયા કંઈ વેકેન્સી છે. લાયકાત, જરૂરી ડોકયુમેન્ટ્સ, કેવી રીતે અરજી કરવી, બધા જ સમાચાર પત્રો વિશે માહિતી મળે છે. **IELTS** તથા **TOFEL** વિશે માહિતી આપી. એન્જિનીયરીંગ માટે **Germany** તથા **Medical** માટે **Australia** તથા **Newzealand** શ્રેષ્ઠ છે. એજયુકેશન લોન વિશે માહિતી આપી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી વિક્રમભાઈ માંજરીયા દ્વારા કરવામાં આવ્યું તથા આભાર વિધિ ભરતભાઈ પાનસુરીયા દ્વારા કરવામાં આવી.

## અમરેલીમાં સીન્ધી સમાજના ઈષ્ટદેવ શ્રી ઝુલેલાલ ચાલિસાનો આસ્થાભેર પ્રારંભ

### ગાંધીબાગ પાસે સુખ અમરધામ મંદિરે ૪૦ દિવસ સુધી આયોજન

અમરેલી,અમરેલી સીન્ધી સમાજના ઈષ્ટદેવ શ્રી જુલેલાલ ભગવાનનો ગાંધીબાગ પાસે સુખ અમરધામમંદિરે તા.૩/૮ થી તા.૧૧/૮ સુધી જુલેલાલ ચાલિસા મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. સવારે ૧૧ વાગ્ગે પુજન વિધી અંખો મંત્ર, આરતી સાંજે ૫ થી ૭ મહિલા સત્સંગ કિર્તન પ્રસાદ, રાત્રે ૧૦:૦૦ થી ૧૧:૦૦ જુલેલાલ ભગવાનના પંજડા, અંખો,સત્સંગ, પ્રસાદનું આયોજન કરેલ છે. તો સીંધી સમાજના ભાઈઓ બહેનો ને લાભ લેવા જણાવેલ છે

